શૈશવ

બાળ અધિકાર સંસ્થા



આપણે દુનિયામાં, ખરી શાંતિ મેળવવી હોય તો અને યુધ્ધની સામે સાચુ યુધ્ધ કરવું હોય તો બાળકથી શરૂઆત કરવી પડશે. જો બાળકો કુદરતી નિર્દોષતામાં ઉછરશે તો આપણે લડવું નહી પડે. આપણે પ્રેમથી પ્રેમ, શાંતિથી શાંતિ ફેલાવીશું તો જગતના ખૂણે ખૂણે શાંતિ રહેશે.

–ગાંધીજી

# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૩–૧૪

શૈશવ


ટ્રસ્ટી મંડળ

૧ શ્રી ફાલ્ગુન શેઠ
૨ શ્રી પારૂલ શેઠ
૩ શ્રી નિમિષા દેસાઈ
૪ ડૉ. પંકજ શાહ
૫ ડૉ. એસ. શ્રીધર
૬ શ્રી અનિતા શાહ
૭ શ્રી સંજય દેસાઈ
૮ ડૉ. અમી ત્રિવેદી
૯ શ્રી સંગીતા ગરત
૧૦ ડૉ. પારસ મહેતા
૧૧ શ્રી જતીન જલુંધવાલા


## અમારી દ્રષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યક્તિગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

**સ્વસ્થ બાળક... સ્વસ્થ માનવ... સ્વસ્થ સમાજ...**

## અમારું ધ્યેય

દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.


સંસ્થા કાર્યાલય : શૈશવ
બ્લોક નં.૩, બીજે માળે, બી– વિંગ,સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર–૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮–૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭

**E-mail : shaishav93@gmail.com**
**Web. : shaishavchildrights.org**

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે,
થલતેજ રોડ, અમદાવાદ.


- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એક્ટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુક્તિને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.
- ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા પ્રમાણિત સંસ્થા






# જીવીએ ત્યાં સુધી શીખીએ

– શ્રી રામકૃષ્ણ પરમહંસ

# વાર્ષિક અહેવાલ : ૨૦૧૩–૧૪

માનનીયશ્રી,

શૈશવ દ્વારા બાળકો સાથેના કાર્યોમાં કેટલીક નૂતન પહેલ કરવામાં આવી તેના અનુસંધાનમાં ૨૦૧૩–૧૪નું વર્ષ વિશેષ યાદગાર બની રહ્યું છે.

શૈશવ પ્રેરિત બાલસેનાના બાળકોને બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારો અંગેના આંતરરાષ્ટ્રીય સંશોધનમાં જોડાવાની અનોખી તક મળી ! ૧૨ દેશોમાં ચાલતા વૈશ્વિક સંશોધનમાં સમગ્ર દેશમાંથી બાલસેનાના બાળકોએ સંશોધનકર્તા તરીકેની ભૂમિકા ભજવી હતી ! જે આપણા સૌ માટે ગૌરવરૂપ છે.

આપ સૌ જાણો છો તેમ દાતાઓની અમૂલ્ય મદદને પરિણામે ગત વર્ષે સંસ્થા માટે પોતીકી જગ્યા મળી ! આ જગ્યાના રીનોવેશન અંગેની કામગીરી અને ત્યારબાદ આ નવા કાયમી મુકામ પર સંસ્થાનું કાર્યાલય અને તાલીમ કેન્દ્ર આ વર્ષની મધ્યમાં ખસેડવામાં આવ્યા હતાં.

આપણા અનુભવોને વહેંચવાના અનુસંધાનમાં તાલીમનું કાર્ય પણ આ વર્ષથી ઠીક ઠીક પ્રમાણમાં વિસ્તર્યું છે. ગુજરાતની કેટલીક અગ્રણી સંસ્થાઓ સાથે વિશેષ પ્રમાણમાં નિયમિત તાલીમનું કાર્ય કરવામાં આવ્યું હતું.

બાળ અધિકાર માટે કાર્યરત ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યકિતઓના બનેલા નેટર્વક બાલ અધિકાર સમુહ–ગુજરાતની સ્વૈચ્છિક જવાબદારી પણ હાલમાં આપણે સંભાળી રહ્યાં છીએ.

ભાવનગર શહેર આચાર્ય સંઘ દ્વારા સામાજિક સેવા અંગે શૈશવનું સન્માન કરવામાં આવ્યું હતું, તો દિવ્યભાસ્કર દ્વારા પાવર–૧૦૦ અંર્તગત પારૂલબહેનનું સન્માન કરવામાં આવ્યું તે આપણા માટે ગૌરવ અને આનંદની વાત છે.

બાળ અધિકારના અનુસંધાનમાં બાળકોના વિકાસ અને સુરક્ષાના ક્ષેત્રે હજુ ઘણું કરવાનું છે. આપણે સૌએ–સમાજે સાથે મળીને કાર્ય કરવું પડશે. જેથી તમામ બાળકોને સલામત અને સમૃધ્ધ બાળપણ આપણે આપી શકીએ.

૨૦૧૩–૧૪ના વર્ષની કામગીરી અને પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ અહિંયા આપની સમક્ષ છે આપના સૂચનો આપવા વિનંતી હરહંમેશની જેમ આપનો સહયોગ અને શુભેચ્છાઓ અમને મળતા રહેશે એવી શ્રદ્ધા છે.

તા : ૦૧–૧૧–૨૦૧૪

આપના,
**પારૂલ–ફાલ્ગુન**
શૈશવ પરિવાર વતી

## વિહંગાવલોકન :

જાન્યુઆરી ૨૦૧૩માં શુભેચ્છક દાતાશ્રીઓના અમૂલ્ય સહયોગથી સંસ્થા પાસે પોતીકી કહી શકાય તેવી જગ્યા મળી, ઘણા બધા મુકામો પછી સંસ્થાને સ્થિરત્વ મળ્યું ! મકાનમાં રીનોવેશનની કામગીરી ચાલુ થઈ, અને ઓક્ટોબર ૨૦૧૩માં નવી જગ્યાએ નવા વાતાવરણમાં અમે ગોઠવાતા ગયા ! સરદારનગર સર્કલ પાસે આવેલ મ્યુનિ. શોપીંગ સેન્ટરમાં પહેલા અને બીજા માળે કાર્યાલય અને ટ્રેનિંગ સેન્ટર કાર્યરત થયું... આમ એક તરફ ભૌતિક સગવડ કાયમી ધોરણે ઉભી થઈ તો બીજી તરફ ''સર્વ દિશાઓમાંથી શુભ વિચાર પ્રાપ્ત થાઓ''–એ મુજબ સંસ્થાની શરૂઆતથી દર વર્ષે નવું નવું શીખવાની તત્પરતા અને તેને અપનાવી રોજબરોજના કાર્યમાં લવચિકતાને લઈ સમાવેશ કરવાની પરંપરા વિકસાવી છે. સીટી યુનિ. ઓફ ન્યુયોર્ક, યુ.એસ.એ. ચીલ્ડ્રન્સ એન્વાયરોમેન્ટ રીસર્ચ ગ્રુપ દ્વારા બાળમૈત્રીપૂર્ણ વિસ્તારો અને શાળાઓ અંગેના આંતરરાષ્ટ્રીય સંશોધનમાં સહભાગી થવાની વિશેષ તક ઉપલબ્ધ થઈ. રાષ્ટ્રસંઘે ઘોષિત કરેલ બાળ અધિકારોમાં બાળ સહભાગિતાનો અધિકાર મહત્વનો છે, અને તેના પર વિશેષ કાર્ય કરનાર અને સહભાગિતાની સીડીની સંકલ્પના વિકસાવનાર વિખ્યાત પ્રો.રોજર હાર્ટ અને તેઓની ટીમે આ સંશોધન કાર્ય હાથ ધર્યુ છે, આમ તેઓની સાથે જોડાવાનું શૈશવને ગૌરવ મળ્યું.

સમગ્ર દેશમાં આ પ્રકારે પ્રથમવાર બાળકો દ્વારા જ બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારો અંગે સંશોધન–અભ્યાસ કરવામાં આવ્યો. આ અંગેની વધુ વિગત અન્યત્ર આપી છે. આ વર્ષ દરમ્યાન સંસ્થાના વિવિધ કાર્યક્રમો બાલસેના, તરૂણસેના, કમ્યુનીટી પ્રોગ્રામ, બાળકોનો બચત કાર્યક્રમ અને તાલીમ કેન્દ્રના રોજબરોજના કાર્યોને વિશેષ સંકોરવામાં આવ્યા, ફેરફાર કર્યા જેથી વધુ ઘનિષ્ઠ બને, અસરકારક થાય. આ માટે નિયમિત મીટીંગ અને તાલીમો યોજવામાં આવી.

સંસ્થાની શરૂઆતથી વહીવટ અને નિર્ણયપ્રક્રિયામાં સીનીયર કાર્યકરો અને બાળકોનું પ્રતિનિધિત્વ હોય તે મૂલ્ય સ્વીકારી સતત પ્રોત્સાહીત કરવામાં આવે છે, જેથી અન્યોનું નેતૃત્વ વિકસતું થાય. આ અનુસંધાનમાં ટ્રસ્ટીમંડળમાં સંસ્થાના એક સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત હતા, તેમાં આ વર્ષે વધુ એક સીનીયર કાર્યકરને પણ આમંત્રિત કરવાની સાથોસાથ બાળકોના અને તરૂણસેનાના પ્રતિનિધિઓને પણ આમંત્રિત કરવાની પરંપરા શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત નેતૃત્વ બદલાય, જવાબદારી બદલાય તેના માટે આ વર્ષ દરમ્યાન સંસ્થાના શુભેચ્છક અને કોર્પોરેટ જગતમાં તાલીમકાર તરીકે કાર્ય કરતાં દિલ્હી સ્થિત શ્રી સતીન્દ્ર સેન કાર્યકરોની ક્ષમતા અને સજજતા માટે તાલીમો અને આયોજન કરવામાં વિશેષ મદદ કરી રહ્યાં છે.

આપણી શૈશવ સંસ્થા ગ્લોબલ ગીવીંગ–યુકેની સભ્ય છે. ગ્લોબલ ગીવીંગ દ્વારા નિયમિત રીતે પોતાની સાથી સંસ્થાઓનું પારદર્શિતા, જવાબદેહિતા અને જવાબદારીના અનુસંધાનમાં સ્વૈચ્છિક મૂલ્યાંકન કરવામાં આવતું હોય છે આ વર્ષે શૈશવનું પણ સ્વૈચ્છિક મૂલ્યાંકન યુકેથી આવેલા સુશ્રી હાના અને શ્રી ડેન બે સભ્યોની ટીમે કર્યુ હતું. તેઓએ સંસ્થા સંચાલન, નાણાંકીય બાબતો ઉપરાંત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની અસરકારકતા વિ. ને સમજવા કાર્યકરો, બાળકો તથા વિસ્તારમાં જઈને લોકોની મુલાકાત લીધી હતી. આમ કાર્યનુ મૂલ્યાંકન સમયાંતરે થતું રહે તે મૂલ્યને આપણે પરંપરા તરીકે સ્વીકાર્યુ છે. ગયા વર્ષે પણ આ પ્રકારે મૂલ્યાંકન હાથ


ધરાયું હતું.

અગાઉના મૂલ્યાંકન અહેવાલોમાંથી જ મળેલ સૂચનના આધારે શૈશવના અનુભવોનું આદાન–પ્રદાન થાય, અન્યો આ અનુભવોમાંથી શિક્ષણ મેળવે તેવા હેતુથી બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય શરૂ કર્યુ હતું તે હવે વિશેષ વિકસતુ –વિસ્તરતુ જાય છે. ગુજરાતની કેટલીક સંસ્થાઓ સાથે નિયમિત રીતે સમયાંતરે તાલીમો યોજાતી રહે છે.

ભાવનગર શહેરના જે વિસ્તારોમાં કાર્ય કરીએ છીએ તેવા ૨૦ વિસ્તારોમાં કાર્યને વધુ અસરકારક કરવા માટે દરેક ઘરોના સર્વે કરી બાળકોની સ્થિતિ અંગેનો ડેટાબેઈઝ તૈયાર કરી તેના આધારે દરેક બાળકનું ફોલોઅપ કરવામાં આવી રહ્યું છે, જેના લીધે શાળાએ તથા આંગણવાડીમાં ન જતા, બાળમજૂરી કરતા, ડ્રોપઆઉટ બાળકો વિ.ની માહિતી દ્વારા વ્યકિતગત ધ્યાન આપી કાર્ય કરવામાં આવી રહ્યું છે જેની અસરો પણ જોવા મળી રહી છે.

આ વર્ષે અમે વિશેષ કરીને શાળા છોડી દિધી હોય અને ભણતા ન હોય તેવા બાળકો સીધા ધો. ૧૦ની પરિક્ષા આપે તે માટેના પ્રયાસો શરૂ કરતાં કુલ ૮૦ ઉપરાંત બાળકો પરિક્ષા આપવા તૈયાર થયા અને તેમાંથી બાવન બાળકો નિયમિત રીતે બે મહિનાના ટયુશન વર્ગોમાં પણ જોડાયા હતા, આ માટે ભાવનગર શહેર આચાર્ય સંઘના ઉમદા સહયોગથી વિષય નિષ્ણાંત શિક્ષકોએ સ્વૈચ્છીક સેવાઓ આપી પ્રસંશનીય ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. આ પ્રયોગની સફળતાને લઈને આગામી દિવસોમાં આ કાર્યક્રમ વધુ ઘનિષ્ઠ બને અને બાળકો ઓછામાં ઓછુ ધો. ૧૦ પાસ કરે તે માટે નિયમિત વર્ગો શરૂ કરવાનું આયોજન પણ કર્યું છે.

આપ જાણો છો કે મુશ્કેલીમાં મુકાયેલ બાળકોને સહાય પહોંચાડી શકાય તે માટે ચાઈલ્ડ હેલ્પ લાઈન ફ્રી ફોન સેવાઓ –૧૦૯૮ છેલ્લા ૨ વર્ષથી આપણે ત્યાં કાર્યરત છે. આ વર્ષે આ કાર્યક્રમમાં નવતર નવીન પહેલ કરવામાં આવી. શહેરના વિસ્તારોમાં બાળકો પ્રત્યે સંવેદનશીલ હોય, મદદ કરવા તત્પર હોય અને રોડ પર જતા–આવતા બાળકો પર ધ્યાન રાખી શકે તેવા સ્વયંસેવકો (દુકાનદાર, લારીવાળા, રીક્ષાવાળા, કે અન્ય) સાથે સંપર્ક કરી ''ચાઈલ્ડ હેલ્પલાઈન સેફટીનેટ '' ઉભી કરવામાં આવી રહી છે. આ અંગેની વધુ વિગતો અન્યત્ર આપી છે.






ભાવનગર શહેર આચાર્ય સંઘ દ્વારા શૈક્ષણિક અને વિશિષ્ઠ યોગદાન આપતી સામાજિક સંસ્થા તરીકે શૈશવ સંસ્થાનું બહુમાન કરવામાં આવ્યું હતું. જ્યારે દિવ્ય ભાસ્કર, અમદાવાદ દ્વારા ગુજરાતના ગ્રોથ એન્જિન પાવર–૧૦૦ દ્વારા વિશિષ્ટ વ્યકિતઓનું બહુમાન કરવામાં આવ્યું હતું, સંસ્થાના ટ્રસ્ટી અને નિયામક સુ શ્રી પારૂલબહેનનું સન્માન કરવામાં આવ્યું હતું. જે આપણા માટે ગૌરવરૂપ છે.

અગાઉના વર્ષની જેમ આ વર્ષે પણ યુ.કેની ટુવે ડેવલપમેન્ટ સંસ્થાના બે વોલન્ટીયર્સ નિયમીતરૂપે સેવાઓ આપવા માટે જોડાયા હતા, જ્યારે અમેરિકન ઈન્ડીયા ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના ફેલો પણ ૧૦ મહિના માટે સંસ્થામાં જોડાયા હતા.

સંસ્થાના નિયમિત કાર્યક્રમો જેવા કે બાલસેના, તરૂણસેના, બચત કાર્યક્રમ, કમ્યુનિટી પ્રોગ્રામની પ્રવૃત્તિઓ સાતત્યપૂર્ણ રીતે ચાલી રહી છે. તાલીમ અને સંસાધન કેન્દ્રની પ્રવૃત્તિઓ વિસ્તરતી રહી છે. આ વર્ષે  સંસ્થાના સ્ટાફની ક્ષમતાવર્ધન માટે વિશેષ તાલીમો પણ યોજવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓની વાત અહિંયા અલગ પ્રકરણોમાં આપી છે.

આપ, સૌના આશીર્વાદ, શુભેચ્છાઓ અને સક્રિય સથવારા દ્વારા શૈશવની યાત્રા સાતત્યપૂર્ણ રીતે આગળ વધી રહી છે. આ સાથ સહકાર હંમેશા મળતો રહેશે એવી શ્રદ્ધા બળવત્તર બનતી જાય છે.





## બાલસેના



બાલસેના–બાળકોનું સ્વાયત સંગઠન એક દાયકાની સફર દરમ્યાન ચઢાવ–ઉતાર વચ્ચે અવિરત વિકસતું રહ્યું છે.

એકતા અને સમાનતાના મૂલ્યો સાથે બાલસેના બાળકોની અભિવ્યક્તિ, મોકળાશ, બાળકોની પોતાનું સ્થાન અને જગ્યા, સહભાગિતાનો અધિકાર તથા ચારિત્ર્ય ઘડતર અને વિકાસનું પર્યાય બની રહી છે.

બાલસેનાના બાળકોને વિવિધ પડકારોનો સામનો પણ કરવો પડે છે, જેમ કે વાલીઓ અને શિક્ષણ વ્યવસ્થાનો ભાર, પરાવલંબન, દબાણ, જેન્ડરનો પ્રશ્ન આમ છતાં બાળકો ઉત્સાહથી આગળ વધતા રહ્યા છે.

આ બાલસેનાના ૧૧મા વર્ષની મુખ્ય વાતો અહિંયા મૂકી છે.



આજે દુનિયા વિકસતી જાય છે. આ વિકાસની દોટ ક્યાં અટકશે તે ખબર નથી. અને જેને વિકાસ કહીએ છીએ તે અંગે સર્વસંમતિ છે ખરી ? બજાર –માર્કેટ આજે જનજીવન પર હાવી થઈ તે નક્કી કરે તે દિશામાં જઈએ છીએ, પરિણામે ઘણાં બધાના ભોગે સીમેન્ટ–કોંક્રીટનો વિસ્તાર વધતો જ રહે છે. પરિવર્તન ઈચ્છનીય છે, પરંતુ તે મૂલ્ય સંવર્ધન કરે છે કે કેમ ? સંસ્કૃતિને ઉજાગર કરે છે કે કેમ ? માત્ર ઉપભોગતા વધારે છે ? અને તેમાં પણ બાળકોની સ્થિતિ અંગે વિશેષ ચિંતન થાય છે કે કેમ ? આ મુદ્દાઓની પણ ચર્ચા થવી જરૂરી છે.

દિન પ્રતિદિન બાળકો સામેના ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે. બાળકોને અસલામતી અને અત્યંત સ્પર્ધાત્મક પ્રકારના વાતાવરણમાં અનેક ડરોની સાથે વિકાસની હોડમાં પરાણે સામેલ કરવામાં આવી રહ્યાં છે.





બાળક સવારે ઉઠે અને રાત્રે સૂઈ જાય એની વચ્ચે બાલમંદિર, શાળા, કેટલી દૂર–કેટલી નજીક, ચાલતા જવાનું, સાયકલ પર જવાનું કે રીક્ષા–બસમાં ... એની મૂંઝવણ રસ્તા પર સલામતી કેટલી ! અકસ્માત થાય, ઢોર–ઢાંખરની અડફેટે અવાય, કોઈ  હેરાન કરે કોઈ ઉપાડી જાય.... અને આવુ જ સતત આખો દિવસ ચાલે .. ટયુશન જાય, ફલાણા કલાસમાં જવાનું , શેરીમાં ક્યાં રમવું ? પડોશમાં કોણ અને કેવા લોકો હોય ? આ બધા પ્રશ્નો –મુંઝવણો બાળકોની પણ તેને કોણ સાંભળે ?

પુખ્તો એમના રોજબરોજના પ્રશ્નોમાં–જીવવા માટેની મથામણોમાં સતત વ્યસ્ત હોય ત્યારે બાળકોને કેમ સાંભળવા ?

અગાઉ કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપ પછી ત્યાંના બાળકો સાથે પ્રવૃતિઓ દરમ્યાન તેઓને લાગતી ‘‘બીક’’ અંગેનું એક સંશોધન લગભગ આઠેક હજાર બાળકો ને આવરીને કર્યુ હતું. તેઓએ ૧૭૮ જેટલી બીક લાગે  તેવી બાબતોની યાદી કરી હતી !

બાળકની નિર્દોષતા, સાત્વિકતા, આનંદ, કૂતુહલ અને વિકાસ માટેની મથામણ, માનવીય અભિગમ બધું જ ધીમે ધીમે ‘વિકાસ’ના નામે છીનવાઈરહ્યું કે અને તેથી જ ચારે તરફ અજંપો છે–વિશ્વાસનું વાતાવરણ નથી.

બાલસેના – બાળકોનું સંગઠન આવી સમજણમાંથી જ વિકસતુ ગયુ. મૂલ્યોને આત્મસાત કરતું, બાળકોના અધિકાર સૌને મળે –સૌ સાથે વિકસીએ એવી ભાવના સાથે, બાળકો જ એકમેકના રાહબર બની મિત્રતા વિકસાવતા આગળ વધી રહ્યાં છે. અગાઉ બાળકોએજ પોતાના વિસ્તારોમાં બાળ

અધિકારના અનુસંધાનમાં સ્થિતિ કેવી છે તે અંગે તાલીમ દ્વારા સંશોધન કાર્ય શીખી, સંશોધન અંગેના ટૂલ્સ જાતે વિકસાવી લગભગ ૬૦૦૦ ઉપરાંત બાળકોએ મળીને 'ચાઈલ્ડ રાઈટ ઓડીટ' સંશોધન કર્યુ હતું. તેમાંથી મળેલા તારણોમાંથી કેટલાક મુદ્દાઓ પર તેઓ કાર્ય પણ કરી રહ્યાં છે.

**બાળમૈત્રીપૂર્ણ વિસ્તાર બાળકો દ્વારા સંશોધન :**

આમ, બાલસેના નવીન બાબતો ને હાથ ધરી આગળ વધી રહી છે. તાજેતરમાં જ બાળકોના સહભાગિતાના અધિકાર અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ઠ કાર્ય કરનાર પ્રો. રોજર હાર્ટ (જેઓએ બાળકોની સહભાગિતાના માપદંડને ઓળખવા માટે સીડીની સંકલ્પના આપી હતી.) સીટી યુનિ. ઓફ ન્યુયોર્કમાં ચીલ્ડ્રન એન્વારોમેન્ટ રીસર્ચ ગ્રુપના વડા તરીકે કાર્યરત છે. તેઓ દ્વારા હાલમાં વિશ્વના લગભગ આઠેક દેશોમાં બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારો અને શાળાઓ અંગે નાવીન્યપૂર્ણ સંશોધન ચાલી રહ્યું છે.

આ સંશોધનમાં બાળકો, પુખ્તો અને ત્યાં કાર્યરત અન્ય સંસ્થા,સરકારી કાર્યક્રમના કાર્યકરોને સાથે રાખી રમત–ગમત અને મનોરંજન, વાતાવરણ અને પર્યાવરણ, રહેઠાણ, સલામતી અનેસુરક્ષા, આરોગ્ય અને સામાજિક સેવાઓ, સહભાગિતા જેવા મુદ્દાઓ અંગે પ્રવર્તમાન શું સ્થિતિ છે તેમજ તે દૂર કરવા કેવા –એકશન પ્લાન સાથે મળીને બનાવવા જોઈએ તે બાબતોને આવરી લેવામાં આવી છે.

આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંશોધનમાં ભારતમાંથી શૈશવ બાલસેના સહભાગી થઈ છે તે આપણા બધા માટે ગૌરવરૂપ છે.

આ સંશોધન કાર્યના અનુસંધાનમાં બાલસેનાના ૪૦ બાળકો સાથે મે મહિનામાં ૩ દિવસની તાલીમ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં પ્રો. રોજર હર્ટના મદદનીશ અને તેમના માર્ગદર્શન હેઠળ પીએચડી કરતા ભારતીય શ્રુતિબહેન આત્માકુરે પોતાની સેવાઓ આપી હતી. આ તાલીમ શિબિરમાં બાળકો સાથે સંશોધનના હેતુ, બાળકો દ્વારા શા માટે ? સંશોધનના સાધનો તેમજ તેમાં આવરી લેવામાં આવેલ મુદ્દાઓ અંગે ચર્ચા–વિચારણા સાથે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ આપવામાં આવી હતી. આનંદની વાત એ છે કે અગાઉથી તારવેલા ૬૫ મુદ્દાઓમાં વધુ ૩૮ મુદ્દાઓ બાળકોએ ઉમેરી બાળકોએ પોતાની વિશ્લેષક દ્દષ્ટિનો પરિચય કરાવી દિધો હતો.

આ તાલીમ બાદ શહેરના સાત અલગ–અલગ વિસ્તારોમાં તાલીમ પ્રાપ્ત બાળકો અને સંસ્થાના કાર્યકરોએ સાથે રહીને બાળમૈત્રીપૂર્ણ વિસ્તાર અંગે સ્થાનિક બાળકો, યુવાનો, વાલીઓ અને ત્યાં કામ કરતી સ્વૈસ્છીક સંસ્થાઓ શું માને છે તે અંગેનો સર્વે કરી ડેટા કલેકશન કર્યુ હતું. આ ડેટા કલેકશન માટે શૈશવની મોબાઈલ વાનમાં કમ્પ્યુટરની ગોઠવણ કરી સૌ પોતાના મત ઈલેક્ટ્રોનીક સ્વરૂપે આપે તેવી વિશિષ્ટ ગોઠવણ કરી નૂતન પહેલ કરી હતી. ( સંશોધન જે આઠ દેશોમાં હાથ ધરવામાં આવ્યું છે તેમાં પ્રથમવાર સંશોધન કાર્યમાં કમ્પ્યુટરનો સીધો ઉપયોગ કરવામાં આવ્યો હતો.) ભાવનગરના સાત વિસ્તારના ૧૮ વર્ષ સુધીના ૧૯૯૩ બાળકો તથા ૩૯૭ વાલીઓને આ સંશોધનમાં આવરી લેવામાં આવ્યા છે. હતાં. ત્યારબાદ શહેરના વધુ ૨૨ વિસ્તારને આ સંશોધન હેઠળ આવરી લીધા હતાં.

વિશ્લેષણ બાદ બાલસેનાના બાળકો ફરી તે જ વિસ્તારમાં

જઈને પ્રાપ્ત થયેલ તારણો પૈકીના મહત્વના અને ગંભીર મુદ્દાઓ/સમસ્યાઓ અંગે લોકો –બાળકો સાથે વાત કરી ક્યાં મુદ્દાઓને અગ્રતા આપવી જરૂરી છે તે સૌના મત દ્વારા નક્કી કર્યું હતું.

આ સંશોધનમાંથી પ્રાપ્ત તારણોના આધારે બાલસેનાના બાળકોએ પોતાનો એકશન પ્લાન બનાવ્યા છે  તેમજ વિકાસના આયોજનોમાં પણ આ મુદ્દાઓનો સમાવેશ થાય તે માટે નીતિનિર્ધારકો તથા સમાજના અગ્રણીઓને મળી રજૂઆત કરી રહ્યાં છે.

- ૩૦ એપ્રિલ બાળ મજૂરી વિરોધી દિનના અનુસંધાનમાં બાલસેનાના બાળકોએ પોતાના વિસ્તારમાં મજૂરી કરવા જતા બાળકો સાથે મૈત્રી વિકસાવવાના હેતુથી તથા તેઓને પણ કામ વગરનો દિવસ બાળપણ માટે કેટલો મહત્વનો છે તેનો અનુભવ બાળક અને માતા–પિતા બન્નેને કરાવવા માટે ૩૩ બાળકો સાથે 'બાળધમાલ' શિબિરનું આયોજન કર્યું હતું. બાળકો સાથે જીવનનો હકારાત્મક અભિગમ, શિક્ષણનું મહત્વ, બાળકો મજૂરી કરે તેનાથી તેઓ શું ગુમાવે છે. વિ. મુદ્દાઓને લઈને પ્લે ફોર પીસની રમતો દ્વારા સંવાદ ઉભો કર્યો હતો. બાલસેનાના બાળકો હવે આ બાળકોની સાથે મિત્રતા વિકસાવી તેઓને શિક્ષણ તરફ લઈ જવા વિશેષ પ્રયત્નો કરી રહ્યાં છે. આમ, વિશિષ્ટ રીતે કાર્યક્રમની ઉજવણી થઈ હતી.

- બાલસેનાના બાળકોએ નિયમિત રીતે વ્યસનનો પ્રશ્ન હાથ ધરી વ્યસનમુક્તિનું અભિયાન હાથ ધર્યું છે. આ માટે પોતાના વિસ્તારમાં રેલી યોજવી, વ્યસનથી થતા નુકશાન અંગે પ્રદર્શન યોજવા, પાનના ગલ્લાઓ પર જઈ લોકોને સમજાવવા વિગેરે કાર્ય કરી રહ્યાં છે. આ અનુસંધાનમાં ૧૦૦૦ થી વધુ બાળકોએ વ્યસન નહીં કરવાના તથા વ્યસનની વસ્તુઓ મોટાઓ માટે પણ ખરીદવા નહીં જવા માટે સંકલ્પ લીધો હતો, જયારે ૨૯૦ ઉપરાંત વાલીઓ પણ બાળકોને ટેકામાં સંકલ્પમાં જોડાયા હતાં.

- આ ઉપરાંત જુદા જુદા વિસ્તારમાં બાલસેનામાં નવા જોડાયેલા બાળકો પૈકી કેટલાક બાળકોનો રેન્ડમ પ્રિટેસ્ટ કરવામાં આવ્યો કે જેથી બાલસેનામાં જોડાતા પૂર્વે તેઓ બાળ અધિકારો અંગે, આત્મવિશ્વાસ નેતૃત્વ વગેરે અંગે શું જાણકારી –અનુભવ ધરાવે છે. આ જ બાળકો સાથે ત્રણ વર્ષ પછી તેઓના સ્તરમાં શું ફેરફાર આવ્યા તે જાણવા માટે પોસ્ટ ટેસ્ટ કરી અભ્યાસ હાથ ધરવામાં આવશે. આ માટે સીટી યુનિ. ઓફ. ન્યુર્યોકમાં પી.એચ.ડીનો અભ્યાસ કરતાં અને સીટી એન્વાયરમેન્ટ ગ્રુપ સાથે સંકલાયેલ શ્રુતિબહેન આત્મકુર મદદરૂપ થઈ રહ્યાં છે.



### બાલસેનાની ચૂંટણી

દર વર્ષની જેમ બાલસેનાના દરેક જૂથોમાં કેપ્ટન, વાઈસકેપ્ટન અને કોરગ્રુપ સભ્યોની ચૂંટણીઓ ઓક્ટોબર મહિના દરમ્યાન જે તે વિસ્તારોમાં યોજાઈ હતી. માપદંડ અને ગુણ આધારિત આ વિશિષ્ટ ચૂંટણી લોકશાહીના સાચા હાર્દને ઉજાગર કરે છે.

દરેક ટીમોમાં ચૂંટાયેલા કેપ્ટન–વાઈસકેપ્ટન અને કોરગ્રુપ સભ્યો મળીને કાઉન્સીલની રચના થતી હોય છે. આ કાઉન્સીલમાં બાલસેનાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી થતી હોય છે. બાલસેનાના અધ્યક્ષ તરીકે ખુશ્બુ અને ઉપાધ્યક્ષ તરીકે ભાવેશ ચૂંટાઈઆવ્યા હતા.



### બચત પ્રવૃત્તિ/કાર્યક્રમ :

બાલસેનાના બાળકોમાં કરકસરનું મૂલ્ય વિકસે, સ્વતંત્ર નિર્ણય શક્તિ વિકસે, સ્વસ્થ વિચાર વિકસે તેવા હેતુથી બાળકો માટે બચત કાર્યક્રમ પ્રવૃતિ ચાલે છે. આ સમયગાળા દરમ્યાન બાળકો સાથે બજેટ–ખર્ચના અનુમાન કેવી રીતે કરવા,તેની જરૂરીયાત શા માટે છે ? ક્યા કારણો છે વિગેરે અંગે તથા તે માટે આવક ક્યાંથી આવશે જેવી બાબતોને લઈને તાલીમો યોજવામાં આવી હતી.

આ ઉપરાંત આઠ સપ્ટેમ્બરના રોજ વાર્ષિક બચત પ્રવૃત્તિનો દિન શ્રી અરૂણભાઈ મહેતાના વિશેષ સાંનિધ્યમાં ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર વર્ષના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા, તેમજ વધુ બચત કરનાર બાળકો, સૌથી વધુ બચત કરનાર ટીમ અને સૌથી ઓછો ઉપાડ કરનાર ટીમ તરીકે મોતીતળાવ ટીમને પ્રોત્સાહનરૂપે પુસ્તકો ભેટમાં આપી મુખ્ય મહેમાનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર વર્ષ દરમ્યાન રૂા. ૨,૬૪,૧૮૧ જમા થયેલ તેમાંથી જરૂરિયાતોને લઈને બાળકોએ રૂા. ૧,૪૩,૬૦૧ ઉપાડ કર્યો હતો અને રૂા ૧,૨૦,૫૮૦ સિકલ જમા હતી.

### કિશોરી સંમેલન :

૨૨મી ડીસેમ્બરના રોજ બાળ સુરક્ષા આયોગના રાજ્યના વડા ડૉ. રામેશ્વરીબહેનના વિશેષ સાંનિધ્યમાં શૈશવ, ભાવનગર શહેર આચાર્ય સંઘ, સમન્વય અને જિલ્લા બાળ સુરક્ષા એકમના સંયુક્ત ઉપક્રમે કિશોરી સંમેલન યોજવામાં આવ્યું હતું

આ કિશોરી સંમેલનમાં ભાવનગરની ૧૭ હાઈસ્કૂલોની ૩૯૮ વિદ્યાર્થીનીઓ અને ૨૮ શિક્ષિકા બહેનો ઉપસ્થિત રહી કિશોરીવસ્થામાં થતા શારીરિક–માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે તથા સ્વરક્ષણની વેનલીડો પધ્ધતિના પરિચય અંગેની તાલીમ મેળવી હતી. આ સમગ્ર તાલીમ શૈશવ સંસ્થાના કાર્યકર બહેનો દ્વારા આપવામાં આવી હતી.

**૧૧મો વાર્ષિકોત્સવ :**

એકતા–સમાનતા અને મૈત્રીના મૂલ્યો પર આગળ વધતી બાલસેનાનો ૧૧મો વાર્ષિકોત્સવ ૫ જાન્યુઆરીના રોજ શામળદાસ આર્ટસ કોલેજના પ્રાંગણમાં ગુજરાતની પ્રગતિશીલ સ્કુલોમાંની વિશિષ્ટ સ્કુલ એમીટી હાઇસ્કુલ, ભરૂચના સ્થાપક અને કેળવણીકાર શ્રી રણછોડભાઇ શાહના વિશેષ સાંનિધ્યમાં ઉજવવામાં આવ્યો હતો.

દરેક વાર્ષિકોત્સવ વિશિષ્ટ થીમ સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્કાઉટ–ગાઇડની પ્રવૃતિઓથી બાલસેનાના બાળકો પરિચિત થાય તે માટે અયોજન કરવામાં આવ્યું હતું. આ માટે ભાવનગર જિલ્લા સ્કાઉટ–ગાઇડ સંઘનો અને શૈશવની શરૂઆતથી સહયોગ આપનાર શ્રી અજયભાઇ ભટ્ટ અને અન્ય સાથીઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ ઉપરાંત ભાવનગર શહેરમાં વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલ બાળપ્રેમી પ્રતિષ્ઠિત નાગરિકો એવા બાલદોસ્તોએ બાળકો સાથે પોતાના જીવન વિષે, સુંદર પુસ્તક–ફિલ્મ વિષે, કોઇ અદભુત વાર્તા વિષે, કારકીર્દીના ઘડતર વિષે પોતાના અનુભવો–જ્ઞાનની વહેંચણી કરી હતી.
વાર્ષિકોત્સવની શરૂઆત સવારે ૮–૩૦ વાગે મુખ્ય મહેમાન દક્ષિણ ગુજરાતના ભરૂચની પ્રસિધ્ધ શાળા એમિટી શાળા પરિવારના સ્થાપક અને દ્દષ્ટા કેળવણીકાર શ્રી રણછોડભાઇએ લીલી ઝંડી બતાવી બાળકોની રેલીને શ્રી ગિજુભાઇ કુમાર મંદિર પાસેથી પ્રસ્થાન કરાવી હતી. લગભગ ૭૫૦ ઉપરાંત બાળકો રેલીમાં બાળઅધિકારના સુત્રો અને ગીતો ગાતા શામળદાસ આર્ટ્સ કોલેજમાં પહોંચ્યા પછી આજના મુખ્ય મહેમાન શ્રી રણછોડભાઇના વરદહસ્તે બાલસેના ધ્વજની સલામી ઝીલ્યા પછી કોલેજના રૂમોમાં નાના નાના જુથમાં વહેંચાઇને પહોંચી ગયા હતાં, જયાં શહેરના બાલદોસ્તોએ અગાઉ બતાવ્યા મુજબ વાર્તાલાપ અને પ્રવૃતિઓ કરવી હતી.
આ વાર્ષિક કાર્યક્રમની એક વિશિષ્ટતા એ હતી કે દરેક ટીમના સીનીયર બાળ સભ્યોએ સમૂહ ભોજનની તૈયારીના અનુસંધાનમાં સ્વયંપાકનું આયોજન કર્યું હતું. બાળકોને પ્રિય એવી ભેળ, પાઉંભાજી, જેવી ભોજનની વાનગીઓ બાળકોએ જાતે રાંધીને તૈયાર કરી હતી. આ માટે નાના–નાના જુથ બનાવવામાં આવ્યા હતાં!
આ દરમ્યાન બાકીના બાળકોએ અદભુત એનિમેશન ફિલ્મ ‘પોલાર એકસપ્રેસ’ ને માણી હતી, જયારે શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો સાથે શ્રી રણછોડભાઇ શાહના કેળવણીના અનુભવો અને વિચારો અંગે ગોષ્ઠિ યોજવામાં આવી હતી.

બપોરના ભોજન પછી ફરી બાળકો અલગ–અલગ જુથમાં વિભાજીત જઇને સ્કાઉટ–ગાઇડના બાળકો સાથે આવેલ શિક્ષકમિત્રોએ શ્રી અજયભાઇના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃતિઓ બાલસેનાના બાળકોને નિદર્શિત કરીને શીખવી હતી.

દિવસના અંત ભાગમાં તમામ બાળકો હોલમાં સંમેલન માટે એકત્ર થયા હતાં. સંમેલનનું સંચાલન બાલસેનાના બાળકો દ્રષ્ટીબહેને કર્યું હતું. બાલસેનાના અધ્યક્ષ ખુશ્બુબહેને અને ઉપાધ્યક્ષ

ભાવેશભાઇ મુખ્ય મહેમાનને સ્ટેજ તરફ દોરી ગયાં હતાં. સંમેલનની શરૂઆત બાલસેનાના ગીતથી કર્યા પછી બાલસેનાના અધ્યક્ષ શ્રી ખુશ્બુબહેને વર્ષ દરમ્યાન થયેલા અનુભવોને વણી લઇ વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. આ પ્રસંગે બાલદોસ્તોના અમૂલ્ય સહયોગને બિરદાવવાના માટે પ્રતિકરૂપે શ્રી અજયભાઇનું અભિવાદન કરવામાં આવ્યું હતું

મુખ્ય મહેમાન શ્રી રણછોડભાઇએ બાળકોના મુડને ધ્યાનમાં લઇ અર્થ સભર ગીત ગાઇને સંબોધન કર્યું હતું. બાલસેનાની પ્રવૃતિઓ પ્રત્યેની શુભેચ્છાઓના પ્રતિકરૂપે એમીટી શાળા પરિવાર તરફથી બાલસેનાના અધ્યક્ષ ખુશ્બુબહેનને પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતા. આભાર દર્શન બાળકોની સીનીયર સભ્ય શિવાનીબહેને કર્યું હતું. આમ સમગ્ર દિવસ હર્ષોલ્લાસ વચ્ચે ઉજવાયો હતો.

**અભ્યાસ પ્રવાસ**

બાલસેનાના બાળકો અન્ય સંસ્થાના બાળકોને મળે, એમની રહેણી–કરણી–સંસ્કૃતિ સમજે, તેઓની પ્રવૃતિઓમાંથી શીખે, મૈત્રી વિકસાવે તે માટે પ્રવાસ દ્વારા આદાન–પ્રદાન ગોઠવવામાં આવતું રહે છે.

આ માર્ચ મહિનાની ૧૦ થી ૧૨ તારીખો દરમ્યાન બાલસેનાના અલગ–અલગ જુથના ૩૧ બાળકો અને ૮ કાર્યકર ભાઇઓ–બહેનોએ લોકમિત્રા સંસ્થા – ઢેંઢુકી, ગ્રામ સ્વરાજ સંઘ – નીલપર અને કાસ્પ સંસ્થા–કચ્છનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસની વાત આપણે પ્રવાસમાં ગયેલ બાળકો પૈકી સંજયે લખેલ અહેવાલ દ્વારા જાણીએ.

‘‘સવારે ભાવનગરથી નીકળ્યા, જસદણ તાલુકામાં આવેલ ઢેંઢુકી ગામે લોકમિત્રા સંસ્થામાં પહોંચ્યા. એકબીજાનો પરિચય કર્યો, તે પુરૂ થયા થછી જમવાનું કહેવાયું. જમ્યા પછી થાળી જાતે ધોઇ. અમારૂ જમવાનું ત્યાંના બાળકોએ બનાવેલું. જમ્યા પછી હોલમાં બેસાડયા, કાપડમાં પ્રિન્ટ કેવી રીતે થાય, ડીઝાઇન કેવી રીતે થાય. ડાઇથી ડીઝાઇન કરવામાં આવતી, ગરમ પાણીમાં કલર નાખી કાપડને બોળવામાં આવતું, પછી તેના પર બ્રશ ફેરવવામાં આવે. આ બધું કામ બાળકોએ શીખી જાતે કર્યુ ! ત્યાંના વિદ્યાર્થીઓએ તેમની નોંધ બતાવી. આ નોંધ તેઓ ફરવાં ગયા હોય – મુલાકાત લીધી હોય વગેરેની હતી. તેઓએ નર્મદા યાત્રા, ગીરનાર પગપાળા પ્રવાસ, ગાંધી યાત્રા વગેરે કરી હતી. ત્યાં બાળકો સાથે રહેતા હતાં. પ્રવૃતિઓ પછી અમારી વાતચીત શરૂ થઇ. જેમાં તે બાળકો ’’પ્રશ્નો પૂછતા અને અમે જવાબ આપતાં. અમે લોકો પ્રશ્નો પૂછતા અને તે જવાબ આપતા હતાં. અહિંયા અમને ખૂબ જ ગમ્યું !

સાંજે ત્યાંથી નીકળી રાત્રે અમે ગ્રામ સ્વરાજ સંઘ – નીલપર પહોંચ્યા. સવારે હોજમાં ન્હાવા ગયા. નાસ્તો કર્યા પછી અમે વિવિધ જગ્યાઓની મુલાકાત લેવા ગયા. સંસ્થાના કાર્યકર પુજાબહેન સાથે હતાં. તેઓએ આહિર સમાજની વાત કરી. આહિર સમાજની સતી થયેલ સ્ત્રીઓની સમાધિ બતાવી. આ જગ્યાને વ્રજવાણી કહે છે. ત્યાંથી અમને ખારાપાણીનું રણ જોવા લઇ ગયા. ત્યાંથી અમે ધોળાવીરા જવા નીકળ્યા. ધોળાવીરા પહોંચ્યા ત્યાં જુની પ્રાચીન વસ્તુઓ, જુના વાસણો, રમકડા અને તે સમયની ઘણી બીજી વસ્તુઓ અને સંગ્રહાલયમાં જોઇ, પછી ખોદકામ કરી જુનું નગર કાઢયું છે ત્યાં ગયાં. પત્થરની મોટી મોટી દિવાલો હતી. નગરના રસ્તા, કુવાઓ કિલ્લો, મકાનો જોયા.

ધોળાવીરા જોયા પછી અમે સરહદ તરફ ગયા. ભારત–પાકિસ્તાનની સરહદ આવે. સફેદ મેદાન ત્યાં નકરું મીઠું જ હતું, ત્યાં જઇએ એટલે આપણને એમ જ લાગે કે ત્યાં બરફ છે. સરહદ પર ચોકી છે ત્યાં સૈનિકોને મળવા ગયા. તેઓની સાથે વાત કરી. અમે અમારો પરિચય આપ્યો. ત્યાં એક ઓફિસર ભાવનગર

નજીક શિહોરના હતા. રાત્રે પાછા અમે ગ્રામ સ્વરાજ સંઘ પહોંચ્યા.

ત્રીજા દિવસે સવારે ઉઠયા પછી નાહી–ધોઇ નાસ્તો કરી પ્રાર્થના ખંડમાં ગયા. ત્યાંના બાળકો સાથે વાતચીત શરૂ કરી. અમે એકબીજાને પ્રશ્નો પુછી માહિતી મેળવી. તેઓના બાળકોના સંગઠનનું નામ બાલવૃંદ છે. નકુલભાઇએ સંસ્થાનો પરિચય અને કાર્યો વિષે વાતચીત કરી હતી.

ગ્રામ સ્વરાજ સંઘમાં આવજો કહીને અમે નજીકમાં આવેલ કાસ્પ સંસ્થાની મુલાકાતે પહોંચ્યા હતાં. આ સંસ્થા પણ બાળકોના શિક્ષણનું કામ કરે છે, વાતચીત કરતાં અમને જાણવા મળ્યુ કે ત્યાં પૈસાથી પાણી ખરીદવાનું હોય છે. ૧૦ રૂપીયાનો હાંડો વેચાય છે. સંસ્થામાં બાળકોએ અમને નાટક બતાવ્યું. અભિનય ગીત કર્યા. અમને નજીકના ડુંગર પર આવેલ શંકરના મંદિર પર લઇ ગયા, દર્શન કર્યા ત્યાંનો નજારો જોયો. તે ડુંગર ઉપર અમને લાગતું હતું કે ત્યાંથી આખી દુનિયા દેખાય છે.

ત્યાંથી અમે ગોવિંદપર ગામમાં ગયા. ગામમા ધોરણ ૧ થી ૮ ની શાળા છે. ફકત ૫ કલાસ છે. ૫ કલાસમાંથી ૧માં ઓફિસ એટલે ૪ કલાસમાં ૧ થી ૮ ધોરણ ભણાવતા હતાં. વર્ગની ગોઠવણી આવી રીતે હતી કે ધો. ૧–૨ નો ૧ કલાસ, ધો. ૩–૪ નો ૧ કલાસ, ધો. ૫–૬નો ૧ કલાસ અને ધો. ૭–૮ નો ૧ કલાસ એમ હતું. અહિંયા બાળકોએ વધારે ભણવું હોય તો રાપર જવું પડે.

અમે અહિંથી લાકડીયા ગયા. ધર્મશાળામાં જમ્યા બાદ સંસ્થાની મુલાકાત લીધી. જેમ અમારે બાલસેના છે તેમ ત્યાં બાલપંચાયત છે. તેની મીટીંગ દર શનિવારે થાય છે. કેન્દ્ર પણ ચાલતું હતું. અમે અમારો પરિચય આપ્યો. સંસ્થાની વધુ વાતો સાંભળી, બાલપંચાયતમાં ચૂંટાય તે બાળકે એ ત્યાંના પ્રશ્નોના ઉકેલનું કામ કરવાનું. તેમના પુસ્તકાલયમાં ગયા, ત્યાં ચોપડીઓ જોઇ. અહિંયા બધું સ્વચ્છ અને વ્યવસ્થિત હતું.

અમે ત્યાંથી ભાવનગર આવવા નીકળ્યા. બસમાં અમે ખૂબ જ મઝા–મસ્તી કરી. ''

**રાષ્ટ્રીય બાળ અધિકાર આયોગ આયોજિત કાર્યક્રમમાં બાલસેનાના બાળકો**

રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગ (**NCPCR**) દ્વારા સ્ટ્રીટ ચીલ્ડ્રનના મુદદાને મહત્વ મળે તેમજ તેઓની સુરક્ષા અને શિક્ષણ અંગે એકશન પ્લાન બને તેવા હેતુથી 'સ્ટ્રીટ ટુ સ્કુલ' કાર્યક્રમ સામાજિક જાગૃતિ અર્થે દિલ્હીમાં ૫ માર્ચના રોજ સમગ્ર દેશમાંથી બાળ અધિકાર પર કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિ બાળકોને સંમેલન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

શૈશવ–બાલસેનામાંથી મીના, નયના, કોમલ, પ્રીતી, કમલેશ અને કાનજી તથા કાર્યકરોમાંથી માનસીબહેન અને મહમદ ખાજા આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતાં. સમગ્ર વર્ષ દરમ્યાન સ્ટ્રીટ ચીલ્ડ્રનનો પ્રશ્ન મુખ્યપ્રવાહમાં આવે અને તેઓના શિક્ષણ અને વિકાસ માટે કાર્ય થાય, નીતિ ઘડાય તે માટે કાર્યક્રમો યોજાતા રહેશે.

આ કાર્યક્રમ નિમિતે દિલ્હીનો પ્રવાસ થતાં દિલ્હી સ્થિત ચેતના સંસ્થાના બાળકોના જુથ'બઢતે કદમ' તેમજ બટરફલાય સંસ્થાની મુલાકાત લઇ તેઓની પ્રવૃતિઓ બાલસેનાના બાળકોએ નિહાળી હતી.

# આંકડાકીય વિહંગાવલોકન

### બાળકો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃત્તિ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | સહભાગી સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | છોકરા | છોકરી | કુલ |
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમો (પ્લે ફોર પીસ ગેમ્સ, વિસ્તારનું મેપિંગ) | ૧૨૧ | ૧૨૧૬ | ૧૪૧૯ | ૨૬૩૫ |
| ૨ | કાઉન્સીલ મિટીંગ | ૦૭ | ૧૩૦ | ૧૪૨ | ૨૭૨ |
| ૩ | સીનીયર મિટીંગ/ કારોબારી મિટીંગ | ૧૩ | ૮૩ | ૧૦૮ | ૧૯૧ |
| ૪ | ભાવનગરના સ્થાળોની મુલાકાત | ૬૯ | ૭૪૨ | ૬૪૯ | ૧૩૯૧ |
| ૫ | ફિલ્મ શો | ૨૧ | ૬૩૮ | ૮૪૪ | ૧૪૮૨ |
| ૬ | કિશોરીઓ દ્વારા તાલીમ | ૯૯ | –– | ૧૬૦૦ | ૧૬૦૦ |

### કાર્યકરો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃત્તિ

| ક્રમ | કાર્યક્રમની વિગત | પ્રવૃત્તિ સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શૈશવ દ્વારા જૂથના કાર્યક્રમ | ૪૨૬ | ૪૫૬૭ | ૪૪૦૩ | ૮૯૧૬ |
| ૨ | શૈશવ દ્વારા જૂથના સંયુક્ત કાર્યક્રમ | ૧૪ | ૧૨૦૧ | ૧૯૩૫ | ૨૬૩૬ |
| ૩ | શૈશવ દ્વારા જૂથની સંયુક્ત તાલીમ | ૧૧ | ૧૭૫ | ૧૯૫ | ૩૭૦ |
| ૪ | શૈશવ દ્વારા બાલસેના | ૫૩ | ૨૨૩૮ | ૨૩૧૫ | ૪૫૫૩ |
| ૫ | શૈશવ દ્વારા જૂથ મિટીંગ | ૭૯ | ૮૮૨ | ૯૮૪ | ૧૮૬૬ |
| ૬ | શૈશવ દ્વારા કિશોરીમેળા | ૦૭ | –– | ૬૪૨ | ૬૪૨ |
| ૭ | શૈશવ દ્વારા કિશોરમેળા | ૦૫ | ૩૮૪ | –– | ૩૮૪ |
| ૮ | શૈશવ દ્વારા નેતૃત્વ તાલીમ | ૦૬ | ૧૯૩ | ૧૨૪ | ૩૧૭ |
| ૯ | કિશોર મંડળ તાલીમ | ૦૬ | ૭૦ | –– | ૭૦ |
| ૧૦ | કિશોરી તાલીમકારોની તાલીમ | ૦૪ | –– | ૬૪ | ૬૪ |
| ૧૧ | કિશોરી સંમેલન | ૦૧ | –– | ૩૯૬ | ૩૯૬ |
| ૧૨ | વાર્ષિક સંમેલન | ૦૧ | ૪૦૪ | ૩૩૫ | ૭૩૯ |
| ૧૩ | વેનલીડો પરિચય | ૧૫ | –– | ૧૦૯૮ | ૧૦૯૮ |
| ૧૪ | વેનલીડો બેઝીક | ૦૫ | –– | ૯૮ | ૯૮ |
| ૧૫ | પ્રતિનિધિત્વ | ૦૪ | ૧૦ | ૧૨ | ૨૨ |





## કમ્યુનીટી પ્રોગ્રામ

બાળકોના શિક્ષણ અંગે સમજણપૂર્વકની જાગૃતિ અત્યંત મહત્વની છે. બાળકો માત્ર શાળામાં ભણવા જાય તેટલું પુરતું નથી, પરંતુ વિસ્તારના અનેકવિધ પ્રશ્નો જેવા કે ગટર, પાણી કે સલામતી જેવા બાળકોને કેવી રીતે અસર કરે છે તે પણ લોકો સમજતા થાય અને આ પ્રશ્નો અંગે સંગઠિત થઈ તેના ઉકેલની દિશામાં કાર્ય કરતા થાય એ ખૂબ જરૂરી હોય છે.

બાળ અધિકારના મુદ્દાઓને વ્યાપકપણે જોતા થાય અને જાગૃતિ આવે તેવા હેતુથી કમ્યુનીટી પ્રોગ્રામ કાર્યરત છે.

આ વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત વાત અહિંયા કરી છે.

- દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળું વેકેશન દરમ્યાન વિસ્તારના ઘરોનો સર્વે કરી જૂનમાં જયારે શાળાઓ શરૂ થાય ત્યારે શાળા પ્રવેશ ઝુંબેશ કરવામાં આવી હતી. આ વર્ષે પણ ૨૦ વિસ્તારોમાંથી ૫૦૭ બાળકોને શાળામાં દાખલ કરવામાં આવ્યા હતાં. જયારે ૨૯૮ બાળકોને આંગણવાડીમાં દાખલ કરવામાં આવ્યા હતાં.
- ૩૦ એપ્રિલ ના રોજ બાળમજૂરી વિરોધી રાષ્ટ્રીય દિન તરીકે ઉજવાય છે. આ કાર્યક્રમના ભાગરૂપે બાળ મજૂરી શા માટે નહીં, લોક જાગૃતિ અને સંવેદનશીલતા વધે તે માટે શહેરના જુદા જુદા સર્કલો (છ રસ્તાઓ) પર પત્રિકા વિતરણ અને પ્રદર્શન વિગેરે યોજવામાં આવ્યા હતા, તે જ રીતે ૧૨ જૂન આંતરરાષ્ટ્રીય બાળમજૂરી વિરોધી દિનના રોજ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભાવનગર દ્બારા રેલીનું આયોજન કર્યુ હતું. જેમાં ભાવનગરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ આયોજનમાં શૈશવના કાર્યકરોની ટીમ સક્રિય રીતે જોડાઈ હતી.
- લોક જાગૃતિ આવે, સ્થાનિક પ્રશ્નો અને બાળકોના પ્રશ્નો અંગે વિસ્તારના લોકો જવાબદારી લેતા થાય સક્રિયપણે જોડાતા થાય તે માટે વિસ્તારોમાં ફળિયા મીટીંગો કે લોક સંમેલનો વિ. અવાર–નવાર યોજવામાં આવતા રહે છે. આ વર્ષ દરમ્યાન આ મીટીંગો–સંમેલનો સરકારની વિવિધ યોજનાઓ વિષે, ગટરલાઈન તથા પાણીની સમસ્યાઓ, આંગણવાડી અને શાળા અંગે તથા શિક્ષણના અધિકારનો કાયદો, ચાઈલ્ડહેલ્પ લાઈન ૧૦૯૮ અંગે જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જુદા જુદા નિષ્ણાંતો પણ સેવાઓ આપવા આવતા હોય છે, જેમાં અરજી કેવી રીતે કરવી, કોને મળવું, કેવી રજુઆત કરવી વિ. બાબતોની તાલીમ પણ થતી હોય છે.
- આ સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ પ્રકારની લોકજાગૃતિ માટેની લગભગ ૩૦,૦૦૦ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- આ લોક જાગૃતિના હકારાત્મક પરિણામો પણ મળ્યા હતા. શહેરના છેવાડાના વાદીલા વિસ્તારમાં નવું નાળુ નાખી નાનો પુલ બન્યો, વિસ્તારની સફાઈ નિયમીત થતી થઈ, ગટર નાંખવાનું કામ થયું, કે નવી આંગણવાડીઓ શરૂ કરવાનું આયોજન થયું. જેવા ઉત્સાહવર્ધક પરિણામ આવ્યા હતાં.
- વિસ્તારમાં મોટી ઉંમરના અને ધો. ૧૦ પાસ કર્યુ ના હોય તેવા તરૂણોને શોધી તેમને તથા તેમના માતા–પિતાને સમજાવી ધો. ૧૦ની સીધી પરિક્ષા આપવા ૮૭ બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. આ માટે ભાવનગર શહેર આચાર્ય સંઘના હકારાત્મક સહયોગને લીધે શહેરની નામાંકિત શાળાઓના વિષય નિષ્ણાંત શિક્ષકોએ બે મહિના માટે ટયુશન વર્ગોમાં માનદ સેવાઓ પૂરી પાડી સમાજ સેવાનું ઉમદા ઉદાહરણ પૂરૂ પાડ્યું

હતું. જો કે આ કામ અઘરૂ પણ હતું, બાળકોએ લાંબા સમયથી અભ્યાસ છોડી દિધો હતો આ અનુભવના આધારે આગામી વર્ષનું વિશેષ સઘન આયોજન કરવામાં આવ્યું છે.

**બેઝલાઈન સર્વે**

- શૈશવ દ્વારા બાળકોના શિક્ષણ અને વિકાસ માટે જે વિસ્તારોમાં કાર્ય કરવામાં આવે છે, તે પૈકીના ૨૦ વિસ્તારોમાં બેઝલાઈન સર્વે હાથ ધર્યો હતો. જેથી બાળકોના શિક્ષણ અને અન્ય પ્રશ્નો અંગે સ્પષ્ટ ચિત્ર સામે આવે, આ પ્રકારે દર ત્રણેક વર્ષે આ સર્વે કરી માહિતીને અદ્યતન કરવામાં આવે છે.

૨૦ વિસ્તારોમાં બેઝલાઈન સર્વેમાં ૭૪૦૬ ઘરોની હતો. કુલ ૨૮૯૯૨ની વસ્તીને આવરી લેવામાં આવી હતી. આ સર્વેમાં ૧૮ વર્ષ સુધીના ૧૪૨૨૭ બાળકો મળ્યા હતા.

આ બાળકોના શિક્ષણની સ્થિતિના તારણો મુજબ ૬ થી ૧૪ વર્ષના અભ્યાસ કરતા બાળકો ૪૮૧૧ છે. જયારે ૧૬ થી ૧૮ વર્ષના અભ્યાસ કરતા બાળકો ૫૦૫ છે. ૩ થી ૫ વર્ષના આંગણવાડીમાં જતા બાળકો ૬૬૦ છે. ૬ થી ૧૪ વર્ષની વયજૂથના કુલ બાળકો પૈકીના ૮૨% શાળાઓમાં ભણે છે જયારે હજુ પણ ૧૮ % બાળકો શાળા બહાર છે, પરંતુ વિશેષ તો મોટી ઉંમરના ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો પૈકીના લગભગ ૩૩% બાળકોએ અભ્યાસ ચાલુ રાખ્યો છે. જયારે ૬૯% બાળકોએ અભ્યાસ છોડી દિધો છે. આમ માધ્યમિક શિક્ષણ માટે વિશેષ અભિયાન ની જરૂરીયાત અહિંયા જણાય છે.

વિસ્તારોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને આંગણવાડીની સ્થિતિ અત્યંત ગંભીર છે ૩ થી ૫ વર્ષની વયજૂથના કેવળ ૩૨% બાળકો આંગણવાડીમાં જાય છે. જયારે ૬૮% જેટલા બાળકો આ સેવાઓથી વંચિત છે.

આ વર્ષથી આ સમગ્ર આંકડાકીય માહિતીને કમ્પ્યુટરમાં એન્ટ્રી કરી બાળકોના ફોલોઅપની મુલાકાતોનું બાળક દિઠ વિશેષ આયોજન દરેક કાર્યકરોએ કરી કામગીરી શરૂ કરી છે. આ ફોલોઅપની માહિતીના કાર્યો, થતા ફેરફારોની કમ્પ્યુટરમાં સીધા નોંધવામાં આવી રહ્યાં છે. આમ આ ૨૦ વિસ્તારના શાળાએ જવા પાત્ર બાળકો શાળામાં દાખલ થાય, ભણે અને ધો. ૧૦ સુધી પહોંચે તે માટે વિશેષ કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિસ્તારના વિવિધ પ્રશ્નો જેવા કે વરસાદી પાણી, બ્રીજ અને નાળાનું કામ, પીવાનું પાણી, આંગણવાડી તથા ગટર જેવા પ્રશ્નો અંગે લોકોની સાથે રાખી સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી અને તેમાંથી બ્રીજ–નાળાનું કામ, પીવાનું પાણી, ગટર અને સ્ટ્રીટ લાઈટ જેવા પ્રશ્નોનો સુંદર નિરાકરણ આવ્યું હતું.

**આંકડાકીય વિહંગાવલોકન :**

- શાળા પ્રવેશ ૧૭૮૭.
- આંગણવાડી પ્રવેશ ૩૫૪.
- ૧૦૧ ફળિયા મીટીંગમાં કુલ ૯૮૪ લોકો ઉપસ્થિત રહ્યાં.
- ૪૮ લોકસમર્થન મંચ મીટીંગમાં કુલ ૧૦૩૮ સભ્યો ઉપસ્થિત રહ્યાં.
- ૩૨ એરીયા કમિટિ સ્થળોમાં ૪૨૩ લોકો ઉપસ્થિત રહ્યાં.
- સરકારી યોજનાઓની માહિતી ૧૭૨૫ લોકોને આપવામાં આવી હતી. આ ઉપરાંત ૩૦ભાઈ–બહેનોને આ યોજનાઓનો લાભ મળ્યો હતો.









## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

શૈશવની વિવિધ પ્રવૃત્તિઓમાંથી બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રની પ્રવૃત્તિ દિનપ્રતિદિન વિકસતી–વિસ્તરતી રહી છે. સંસ્થા દ્વારા બહારની સંસ્થાઓ– કાર્યકરો અને બાળકો સાથે તાલીમો યોજાતી રહે છે, સાથો સાથ શૈશવના કાર્યકરોની સજ્જતા માટે પણ નિયમિત તાલીમો થતી હોય છે.

આ વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય પ્રવૃત્તિઓની વાત અહિંયા કરી છે.

**શૈશવના કાર્યકરોની તાલીમ :**

- ૧૩–૧૪ એપ્રિલના રોજ શૈશવના કોર ટીમના સભ્યો સાથે પ્રતિ વર્ષનો અહેવાલ તથા આગામી વર્ષના આયોજનના સંદર્ભમાં ૨ દિવસની અહેવાલ રજૂઆત તથા આયોજન અંગેની તાલીમ સંસ્થાના ટ્રસ્ટીઓ અને આ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતાં ટ્રસ્ટી ડૉ. પંકજભાઈ શાહ તથા ડૉ. એસ. શ્રીધરભાઈના માર્ગદર્શન સાથે યોજવામાં આવી હતી.
- ૨૩ એપ્રિલથી ૩ મે દરમ્યાન સંસ્થાના આગામી ૩ વર્ષની કામગીરીના અનુસંધાનમાં સ્ટ્રેટેજીક પ્લાનીંગ અને પ્લાનીંગ મોનીટરીંગ અને ઈવેલ્યુએશન અંગે સંસ્થાના કાર્યકરો સાથે તાલીમ અને એકશન પ્લાન તૈયાર કરવા માટે યુ.કેથી મિસ એલિસીયા, દિલ્હીથી શ્રી નીરૂબહેન, વોલન્ટીયર્સ મિસ. એલેકઝાન્ડ્રા વિ. ની સાથે મીટીંગનુ આયોજન કરવામાં આવ્યું હતું.
- બાલસેનામાં બાળકોના જોડાયા પછી તેઓની સજ્જતા ક્ષમતા વિકાસ અને બાળઅધિકાર અંગેની સમજમાં કેટલો વિકાસ થયો છે. તે અંગેનો અભ્યાસ હાથ ધરવા માટે બાલસેનામાં તાજેતરમાં જોડાયેલા બાળકોની હાલની સ્થિતિ જાણવા માટે પ્રિ–ટેસ્ટ તથા ત્રણ વર્ષ પછી શું ફેરફાર આવ્યા તે જાણવા માટે પોસ્ટટેસ્ટ કરી તેના વિશ્લેષણ દ્વારા કાર્યની અસરકારકતાનો આભ્યાસ કરવા માટે સીટી યુનિ. ઓફ ન્યુર્યોક ના ફેલો શ્રુતિબહેન આત્માકુરની સાથે રહી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અંગે સ્ટાફના ભાઈ–બહેનોની તાલીમ ૬ જુલાઈના રોજ યોજવામાં આવી હતી, જેમાં પારૂલબહેન તાલીમ આપી હતી.
- બેંગ્લોર સ્થિત ડ્રીમ એ ડ્રીમ સંસ્થા દ્વારા શૈશવના કાર્યકરો માટે લાઈફ સ્કીલની તાલીમ વર્ષ દરમ્યાન ચાર તબક્કામાં યોજવામાં આવી હતી. આ અનુસંધાને પ્રથમ તબક્કાની તાલીમ તા. ૧૮–૧૯ ઓકટોબર તથા ત્યારબાદ અન્ય તબક્કામાં ૮–૯ જાન્યુઆરી, ૨૫–૨૬ ફેબ્રુઆરી તથા ૨૧–૨૨ માર્ચના રોજ યોજવામાં આવી હતી. ડ્રીમ એ ડ્રીમ સંસ્થાના શ્રી વિશાલભાઈ અને શ્રી નિલીષાબહેને આપી હતી.
- સંસ્થા દ્વારા દર વર્ષે વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે આ વર્ષે પણ દિવાળી તહેવાર નિમિત્તે 'દિવાળી બાળમેળા' યોજવામાં આવ્યા હતા. આ બાળમેળાની વિવિધ પ્રવૃત્તિઓની તાલીમ તા. ૨૬ ઓકટોબરના રોજ સ્ટાફ સાથે યોજાઈ હતી.
- બાળ અધિકાર સપ્તાહ ૧૪ થી ૨૦ નવેમ્બરની ઉજવણી સંદર્ભે કાર્યકરોને અને તરૂણસેનાના સીનીયર તરૂણોને –બાળમેળાની વિવિધ પ્રવૃત્તિઓ અને શેરી નાટક–બાળ અધિકાર, બાળ મજૂરી, શિક્ષણ અને ચાઈલ્ડ હેલ્પ લાઈનના મુદ્દા જાગૃતિ અંગે તૈયાર કરવાની તાલીમ તા. ૧૧ થી ૧૩ નવેમ્બર દરમ્યાન આપવામાં આવી હતી.
- સંસ્થામાં બે તબક્કામાં કાર્યકરોના અલગ–અલગ જૂથ સાથે નેતૃત્વ વિકાસ, ટીમ બિલ્ડીંગ, અને સ્વ. વિકાસની તાલીમ તા. ૨૨–૨૩ નવેમ્બર યોજવામાં આવી હતી. આ તાલીમના

તજજ્ઞ તરીકે દિલ્હી સ્થિત શ્રી સતીન્દ્ર સેને સેવાઓ આપી હતી.

- સમુદાયની સહભાગીતા અંગે તાલીમકારો માટેની તાલીમ (**T.O.T**) તા. ૧૬,૧૭ જાન્યુઆરી – ૨૦૧૪ દરમ્યાન સંસ્થાના ૩૪ કાર્યકરો સાથે સમુદાયની સહભાગીતા એટલેશું ? કેવી રીતે તેઓની સહભાગીતા લઇ શકાય, સમુદાયની જરૂરીયાતને કેવી રીતે ઓળખવી ? વિગેરે મુદદાઓની તાલીમ અમદાવાદ સ્થિત ઉન્નતિ સંસ્થાના શ્રી બીનોય આચાર્ય અને શ્રી કિરીટભાઇ દ્વારા પ્રાપ્ત થ ઇ હતી.

આ ઉપરાંત સંસ્થાના કાર્યકરો માટે બાળ અધિકાર, ફિલ્ડ કામગીરી, ડેટાબેઝ–રીપોર્ટીંગ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, જીવન કૌશલ્ય પ્રવૃત્તિઓ તથા કિશોરાવસ્થા અંગેની વિશેષ તાલીમો પણ યોજવામાં આવી હતી.




**શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓને તાલીમ અને કાર્યક્રમ :-**

- વેડછી પ્રદેશ સેવા સમિતિ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આશ્રમ શાળાઓ તથા અન્ય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ધરમપુરની આશ્રમ શાળાના ધો.૮ અને ૯ના બાળકો સાથે વેકેશન શરૂ થતા અગાઉ ૧૫ થી ૧૭ એપ્રિલ દરમ્યાન ૧૨૦ બાળકો અને કાર્યકરો સાથે બાળકો માટેની શૈક્ષણિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ જેવી કે માનવશરિર, ભૂગોળ, ગણિત, સમાજવિદ્યા જેવા વિષયોને લઈને પ્રવૃત્તિ આધારિત યોજવામાં આવી હતી. આ માટે બાલસેનામાંથી ઈશા તેમજ કાર્યકરો ભૂમિબહેન, ગૌતમભાઈ, અશોકભાઈ, અલ્પેશભાઈ, ફાલ્ગુનભાઈ તથા સંસ્થાના બાલદોસ્ત મુરબ્બીશ્રી રમેશભાઈ, (અમદાવાદ) તથા શ્રી ઝંખનાબહેને



(વડોદરા) પણ પોતાની સેવાઓ આપી હતી. આ ઉપરાંત ૨ થી ૪ ઓકટોબર દરમ્યાન પણ પ્રોજેકટ વર્ક માટેની વિશેષ તાલીમ યોજવામાં આવી હતી. ત્યારબાદ તા. ૨૨ થી ૨૬ જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન ધો–૭ થી ૯ના બાળકો સાથે તેમના અભ્યાસના વિષયો આધારિત વિવિધ પ્રોજેકટ વર્ક અને પ્રવૃત્તિઓ , રમતો અને ફિલ્મના માધ્યમથી યોજવામાં આવી હતી. ત્યારબાદ આ બાળકોએ આસપાસના ૧૪ ગામોની નિશાળોની મુલાકાત લઈ ગામના સર્વે ઉપરાંત લગભગ ૨૦૦૦ ઉપરાંત બાળકો સાથે બાળમેળા યોજી પોતાના નેતૃત્વનો પરિચય કરાવ્યો હતો.

- દક્ષિણ ગુજરાતમાં ભરૂચ પાસે સેવા રૂરલ સંસ્થા અતિ સુંદર કાર્ય કરી રહી છે સેવા–રૂરલના આરોગ્ય કાર્યક્રમના પીયર એજયુકેટર ૧૬ ભાઈ–બહેનો સાથે ટીમ બિલ્ડીંગ નેતૃત્વ અને કાર્યની પહેલ જેવા મુદ્દાઓ અંગે વર્ષ દરમ્યાન બે તાલીમ યોજવામાં આવી હતી. આ ઉપરાંત ટેકનીકલ ટ્રેનિંગ સેન્ટરના શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે ટેકનીકલ શિક્ષણ કેવી રીતે રસપ્રદ બનાવાય તે અંગેની તાલીમ બે તબક્કામાં બે દિવસ પ્રમાણે આપવામાં આવી હતી. આ તાલીમ શ્રી ફાલ્ગુનભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- ૧૪ મેના રોજ અમદાવાદમાં વિચરતા વિમુકત સમુદાય મંચના કાર્યકરો સાથે તેઓના બાળકો સાથેના કાર્યોમાં મદદરૂપ થવા માટે લાંબાગાળાનું આયોજન વિચારવા માટે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શૈશવમાંથી પારૂલબહેને ઉપસ્થિત રહી ચર્ચા–વિચારણા કરી હતી ત્યારબાદ તેઓના ૧૬ કાર્યકર ભાઈ–બહેનો ૧૯ અને ૨૦ જૂનના રોજ શૈશવની મુલાકાત લઈ વિવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી. ત્યારબાદ ૧૩–૧૪ ઓગષ્ટના રોજ અમદાવાદ ખાતે બાળઅધિકાર, શૈક્ષણિક સાધનો, બચતબેંક, આયોજન વિ.ની તાલીમ આપવામાં આવી હતી.
- નવરચના યુનિ.ના પ્રથમ વર્ષ આર્કીટેકની વિદ્યાર્થીનીઓ સાથે ૨૫–૨૬ મેના રોજ સ્વરક્ષણ અંગેની વિશિષ્ટ વેનલીડો તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમ સંસ્થામાંથી પારૂલબહેન આપી હતી.
- ૨૧ અને ૨૨ જૂનના રોજ સેવા સંસ્થા અમદાવાદના શિક્ષણકાર્ય સાથે જોડાયેલ ૧૩ કાર્યકર બહેનોને બાળકોના અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેની તાલીમ શૈશવના ભૂમિબહેન, માનસીબહેન અને રેખાબહેને આપી હતી.
- રોટરી કલબ વુમન વીંગ દ્વારા તા. ૧૨/૬/૧૩ના રોજ સુરેન્દ્રનગર હાઈસ્કુલની ૯૭ કિશોરીઓ માટે વેનલીડો–સ્વરક્ષણની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ સંસ્થાના નિલમબેન અને નાહેદાબેને આપી હતી.
- સ્નેહ સમુદાય સંસ્થા–આદિપુર કચ્છ દ્વારા તા. ૨૨/૬/૧૩ના રોજ પોતાના કાર્યક્ષેત્રની ૫૨ કિશોરીઓ સાથે લાઈફસ્કીલ, અને સ્વરક્ષણની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમ શૈશવ સંસ્થાના ઉષાબેન અને નાહેદાબેન દ્વારા આપવામાં આવી હતી.
- દિશા સંસ્થાના તરૂણોના સંગઠન સાથે નિયમિત તાલીમ યોજવાના ભાગરૂપે ૯ અને ૧૦ ઓકટોબરના રોજ નેતૃત્વ અને સંગઠન અંગેની તાલીમ ઉત્તર ગુજરાતના બાયડ ખાતે યોજવામાં આવી હતી. આ તાલીમમાં ૬૯ તરૂણો ઉપસ્થિત રહ્યાં હતા. આ તાલીમ શૈશવમાંથી શ્રી ફાલ્ગુનભાઈ અને દિશા સંસ્થાના શ્રી વિપુલભાઈ દ્વારા આપવામાં આવી હતી.
- લોકભારતી સણોસરા ખાતે અધ્યાપન મંદિર દ્વારા દર વર્ષે પીટીસીના વિદ્યાર્થીઓ માટે બાલવાડી શિબિર યોજાતી હોય છે.

આ વર્ષે ૭ જાન્યુઆરીના રોજ શૈશવના પાંચ કાર્યકરોએ શિબિરની મુલાકાત લઇ લોકભારતીના બસ્સો ઉપરાંત વિદ્યાર્થીઓને પ્લે ફોર પીસની વિવિધ રમતોની તાલીમ આપી હતી.

- તાતા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલેપમેન્ટ – મીઠાપુર દ્વારા દ્વારકા અને કલ્યાણપર તાલુકામાં બાળકો, યુવાનો અને મોટાઓ સાથે વિકાસના અનેક કાર્યો વિવિધ પ્રવૃતિના માધ્યમથી કરે છે. આ સંસ્થાએ પોતાના વિસ્તારમાં શિક્ષણ અંગે બાળકો, તરૂણો અને વાલીઓમાં જાગૃતતા આવે અને વધુ બાળકો આ વિસ્તારના શાળામાં ભણતા થાય તેને લઇને શૈશવ ના અનુભવોનો લાભ મળે અને લાંબાગાળાનું આયોજન કરવાનું વિચારતા તા ૪ થી ૬ ફેબ્રુઆરી દરમ્યાન તે વિસ્તારના શિક્ષણના મુદદાને લઇને નીડએસેસમેન્ટ કરવામાં આવ્યું. આ સાથે તેઓના કાર્યકરોને બાળમેળા નું મેનેજમેન્ટ અને બાળમેળાની પ્રવૃતિઓની તાલીમ આપવામાં આવી હતી આ તાલીમ મેળવેલ ૧૪ કાર્યકરો દ્વારા તેમના કાર્યક્ષેત્રની સરકારી શાળામાં ૧૫૦ ઉપરાંત બાળકો સાથે વિજ્ઞાન, ભુગોળ, વૈજ્ઞાનિક રમકડા અને રમતોના વિષયને લઇ બાળમેળો યોજવામાં આવ્યો હતો. આ માટે શૈશવમાંથી શ્રી પારૂલબહેન, અશોકભાઇ, નીલમબહેન અને નીતા બહેને સેવાઓ આપી હતી.
- શૈશવ સંસ્થા દ્વારા સર્વોદય સેવા ટ્રસ્ટ, ખડકી (પીંડવળ) ખાતે તા ૮,૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમ્યાન તેઓની આશ્રમશાળાના ૧૫૯ બાળકોને વિજ્ઞાન, ભુગોળ અને રમતોના વિષયને લઇ બાળમેળો યોજવામાં આવ્યો હતો. આ બાળમેળામાં અગાઉ તાલીમ આપેલ વેડછી પ્રદેશ સેવા સમિતિ તામછડીના ૧૦ બાળકોએ નેતૃત્વ લઇ, ખડકી આશ્રમશાળાના બાળકોને બાળમેળાની પ્રવૃતિઓ કરાવી હતી. આ સમગ્ર બાળમેળાનું સંચાલન શૈશવના માનસીબેન, કલ્પેશભાઇ અને સંજયભાઇએ કર્યું હતું.
- બાળ અધિકાર સમુહ–ગુજરાત અને શૈશવના સંયુકત ઉપક્રમે બાળકોના અધિકારો અને કાયદાઓ ને લઇ કાર્યશિબિર તા. ૧૧,૧૨ માર્ચ, ૨૦૧૪ દરમ્યાન ભાવનગર ખાતે યોજવામાં આવી હતી. આ કાર્યશિબિરમાં ૨૩ સંસ્થાના ૫૩ કાર્યકરો સહભાગી થયા હતા. આ તાલીમમાં તજજ્ઞ તરીકે શ્રી આનંદીબેન પટેલ (સમાજકાર્ય વિભાગ અધ્યક્ષ–ગુજરાત વિદ્યાપીઠ–અમદાવાદ) અને શ્રી ધ્રુવભાઇ જોષી – (યુનિસેફ, ગાંધીનગર) એ ઉપસ્થિત રહી સુંદર માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.
- લોકભારતી – સણોસરા ખાતે તા. ૭/૩/૨૦૧૪ ના રોજ સ્વદિપ ફાઉન્ડેશન દ્વારા મહુવા અને ભાલમાં કાર્ય કરતા કાર્યકરો અને લોકો સાથે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં શૈશવમાંથી શ્રી ફાલ્ગુનભાઇ ઉપસ્થિત રહી. ''શિક્ષણમાં લોકોની ભાગીદારી અંગે'' અને શૈશવના અનુભવોની વાત કરી હતી. આ વર્કશોપમાં શ્રી અરૂણભાઇ દવે, શ્રી ડૉ.નલીનભાઇ પંડિત વિગેરે ઉપસ્થિત રહયા હતા.

આ ઉપરાંત બાળ અધિકાર અને અન્ય વિષયો પર જુદી જુદી સંસ્થાઓને મળી વર્ષ દરમ્યાન ૧૯ તાલીમો આપવામાં આવી હતી.





**નેટવર્કઃ**

૧૮ એપ્રિલના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે ગુજરાતમાં કાર્યરત ૧૩ વિવિધ ચાઈલ્ડ હેલ્પ લાઈનના કો–ઓર્ડિનેટર અને ડાયરેકટર સાથે ચાઈલ્ડ લાઈન ઈન્ડીયા ફાઉન્ડેશન, મુંબઈના પ્રતિનિધિઓ સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં વાર્ષિક કામગીરીનું મૂલ્યાંકન, બાળકોના મુદ્દાઓ અંગે એડવોકસીના કાર્યો, કાર્ય દરમ્યાન પડતી મુશ્કેલીઓ–સંકલનના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મીટીંગ માં શૈશવમાંથી શ્રી પારૂલબહેન અને શ્રી રવિભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યાં હતા.

- યુવા સંસ્થા મુંબઈ દ્વારા બાળકોની સહભાગિતાના અધિકારને લઈને નેશનલ કન્સલટેશનનું આયોજન ૧ થી ૩ જૂન દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શૈશવના કાર્યકર નીલમબેન તથા બાલસેનાના બાળકો ઈશા, ખુશ્બુ, પંકજ અને ભાવેશ ઉપસ્થિત રહ્યાં હતાં જ્યારે પારૂલબહેને રીસોર્સપર્સન તરીકે હાજરી આપી બાળકોને સહભાગિતાના અધિકારની વિશેષ સમજ માટે પ્રવૃત્તિઓ કરાવી હતી. આ અગાઉ પ્રથમ સંમેલન શૈશવના ઉપક્રમ ભાવનગરમાં યોજવામાં આવેલ, ત્યારબાદ શક્તિ વિડીયલ સંસ્થા દ્વારા મદુરાઈમાં આયોજન કરવામાં આવેલ.
- અશોકા ઈનોવેટર્સ ફોર ધ પબ્લીક આંતરરાષ્ટ્રીય સંગઠન છે, અને તેના દ્વારા દર વર્ષે નાવીન્યપૂર્ણ કાર્ય કરતા સોશયલ ઓત્રપ્રીનીયોરને અશોકા ફોલોશીપ એનાયત કરવામાં આવે છે ૨૭ થી ૨૯ જૂન દરમ્યાન સમગ્ર દેશના તમામ અશોકા ફેલોનુ વિશિષ્ઠ સંમેલન પૂનામાં યોજવામાં આવેલ. શેશવના પારૂલબહેન અને ફાલ્ગુનભાઈ પણ અશોકા ફેલો છે આ કાર્યક્રમમાં દેશમાંથી ૧૫૦ ઉપરાંત ફેલો તથા અન્ય દેશના ફેલો તેમજ અશોકાના વડા બિલ ડ્રાયટન (યુ.એસ.એ.)

ઉપસ્થિત રહ્યાં હતાં. શૈશવમાંથી શ્રી પારૂલબહેન ઉપસ્થિત રહ્યાં હતા તેમજ વર્કશોપ પણ યોજયો હતો.

- બાળ અધિકાર સમૂહ–ગુજરાત અને રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા સમિતિના સંયુકત ઉપક્રમે તા. ૧૭ જુલાઈના રોજ એનેક્ષી અમદાવાદ ખાતે એનસીપીસીઆર ના સભ્યો અને ગુજરાતમાં બાળકો સાથે કાર્યકરતી સંસ્થાઓના પ્રતિનિધિ સાથે બાળઅધિકાર, શિક્ષણ, બાળ સુરક્ષા યોજના વિગેરે કાયદાઓ અંગે વિવિધ પ્રશ્નોને લઈને ચર્ચા અને કેસ રજૂ કરવામાં આવ્યા હતા. સરકાર અને એનજીઓ સાથે રહીને અમલીકરણના કાર્યો કઈ રીતે કરી શકે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

- ૨૦ જુલાઈના રોજ સંસ્થાના ઉપક્રમે ભાવનગરમાં બાળકો સાથે કાર્યરત સંસ્થાના પ્રતિનિધિઓ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ સાથે સંયુકત મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ મીટીંગમાં ભાવનગર કલેકટર શ્રી પી. કે. સોલંકીએ ઉપસ્થિત રહી વિશેષ માર્ગદર્શન આપી બાળકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો હતો.

- બાળ અધિકાર સમૂહ ગુજરાત નેટવર્કના સભ્યો સાથે તા. ૧૭/૮/૧૩ના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં મુખ્યત્વે રાજય સ્તરીય નેટવર્કની સક્રિયતા વધારવા તથા નેટર્વક પાસે સંસ્થાઓની શું અપેક્ષાઓ છે તેની ચર્ચા કરવામાં આવી હતી આ મીટીંગના અંતે મુખ્યત્વે બે વાત પર વિશેષ કાર્યકરવાના સૂચનો મળ્યા હતા. (૧) જુદી જુદી સંસ્થાઓના કાર્યકરોની ક્ષમતાવર્ધન અંગે તાલીમો યોજાય (૨) જિલ્લા સ્તરે જેતે જિલ્લાની સંસ્થા પ્રમુખ ભૂમિકા ભજવે અને પબ્લીક હિયરીંગ જેવા કાર્યક્રમો કરીને પ્રચાર પ્રસાર કરવો. આમ, આ મીટીંગમાં જુદી જુદી સંસ્થાના ૪૭ જેટલા પ્રતિનીધિઓ સહભાગી થયા હતા, ત્યારબાદ મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો–૨૦૦૯ના અમલીકરણને લઈને દેશના અનેક રાજયમાં પ્રશ્નો જોવા મળે છે. રાષ્ટ્રીય સ્તરે અનેક સંગઠનોએ સાથે મળીને આર.ટી.ઈ. ફોરમની રચના કરી છે. રાજયમાં પણ શિક્ષણના અધિકારનો સુચારુ અમલ થાય તે દિશામાં સઘન પ્રયત્નો કરવાના હેતુંથી તા. ૧૭/૮/૨૦૧૩ના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં રાષ્ટ્રીય નેટવર્ક આર.ટી.ઈ. ફોરમ ના કન્વીનર શ્રીઅંબરીષરાય વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

- અમેરિકા ઈન્ડીયા ફાઉન્ડેશન દ્વારા દિલ્હીમાં આયોજિત મીટીંગમાં સમગ્ર દેશમાં યુ.એસ.એ.થી આવેલ ફેલો વોલન્ટીયર્સ તરીકે જોડાવાના હતા. તેના એટીએન્ટેશન માટે ૨ દિવસ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં શૈશવમાંથી પારૂલબહેન ઉપસ્થિત રહ્યાં હતા.

- ભાવનગર શહેર કક્ષાએ બાલદોસ્ત મંચની રચના કરવામાં આવી છે જેઓ બાળ અધિકાર અને શિક્ષણના મુદ્દાઓમાં સંસ્થાની જુદી જુદી પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપીને કાર્યોને પ્રોત્સાહિત કરી રહ્યાં છે. આ બાલદોસ્ત મંચની મીટીંગ ૨૦ ઓકટોબરના રોજ યોજવામાં આવી હતી આ મીટીંગમાં મુખ્યત્વે સંસ્થાના કાર્યક્ષેત્રોમાં બાળકોના, તરૂણોના કેવા પ્રશ્નો છે તેની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આગામી દિવસોમાં ઉકેલ માટે શું કરીશું તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

- બાળઅધિકાર સમુહ–ગુજરાત દ્વારા નેશનલ નેટર્વક આર.ટી.ઈ. ફોરમ સાથે જોડાણ કરવામાં આવ્યું છે. આ અનુસંધાને તા. ૨૫/૨૬ ઓકટોબરના રોજ દિલ્હી ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ મીટીંગ માં મુખ્યત્વે શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોનુ ફેડરેશન

તૈયાર કરવા અંગે તથા આવનારા દિવસોમાં આર.ટી.ઈ. કાયદાને લઈને રાજયોમાં પ્રવર્તતી સ્થિતિ અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મીટીંગમાં ગુજરાતમાંથી શ્રી પારૂલબહેન હાજર રહ્યાં હતા.

- ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત સહિયારી નિસ્બત જૂથ દ્વારા તા. ૨૨ ઓકટોબરના રોજ અમદાવાદ ખાતે બાળકો અને શહેરીકરણ, વચિંત બાળકોના શું પ્રશ્નો છે. તેમુદ્દાને લઈ ચર્ચા કરવા/મીટીંગ યોજવામાં આવી હતી. સંસ્થામાંથી પારૂલબહેન સહભાગી થયા હતા અને તેઓએ શહેરીકરણ અને બાળકોની વર્તમાન સ્થિતિ પર વાતકરી હતી. બાળકોની સમસ્યાઓ, પ્રશ્નોના ઉકેલ માટે ભાવનગરમાં બાળકો જ પોતાના પ્રશ્નો સમજી જાતે ઉકેલવા માટે સંગઠીત થયા છે તેવા મોડલ રૂપે બાલસેનાની પ્રક્રિયાની વાત કરી હતી.
- ૫ ડીસેમ્બરના રોજ યુનિસેફ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત સ્ટ્રેટેજિક પ્લાનીંગ ની મીટીંગમાં શૈશવમાંથી શ્રી પારૂલબહેન ઉપસ્થિત રહ્યાં હતા.
- જનપથસંસ્થા – અમદાવાદ દ્વારા તા. ૩/૧/૨૦૧૪ ના રોજ વાર્ષિક સંમેલન યોજવામાં આવ્યું હતું આ સંમેલનમાં શૈશવમાંથી શ્રી પારૂલબેને ભાગ લીધો હતો.
- જીસીઇઆરટી – ગાંધીનગર દ્વારા ''ઇનકલુજીવ એજયુકેશન'' ના વિષય પર તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ વર્કશોપ યોજવામાં આવ્યો હતો આ વર્કશોપમાં શૈશવમાંથી શ્રી ફાલ્ગુનભાઇ અને બાંધકામ મજુર સંગઠનમાંથી શ્રી વિપુલભાઇ પંડયાએ ભાગ લીધો હતો.
- ઉન્નતિ સંસ્થા અને વાણી સંસ્થાના સંયુકત ઉપક્રમે સ્વૈચ્છિક સંસ્થાઓ ને લાગુ પડતા કાયદાઓ અને **FCRA** ના કાયદા અંગે તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ અમદાવાદ ખાતે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વર્કશોપમાં શૈશવમાંથી શ્રી ફાલ્ગુનભાઇ, શ્રી પારૂલબેન અને શ્રી આશિષભાઇ સહભાગી થયા હતા.
- સમાજ સુરક્ષા વિભાગ અને સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન યુનિટ દ્વારા તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમ્યાન સ્ટેટ એકસન પ્લાન અંગે મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં શૈશવમાંથી શ્રી ફાલ્ગુનભાઇ અને શ્રી આર્ષભાઇ સહભાગી થયા હતા.
- દિવ્યભાસ્કર દ્વારા સામાજીક વિકાસના કાર્યોમાં કામ કરતા વ્યકિતઓને પાવર હન્ડ્રેડ તરીકે પસંદગી કરી તેઓનું સન્માન કરવામાં આવે છે. આ સન્માન શૈશવના શ્રી પારૂલબેનને પ્રાપ્ત થયું છે. તા. ૧૯ ફેબ્રુઆરી, ના રોજ અમદાવાદ ખાતે રાજયપાલ શ્રીમતી કમલાબહેન બેનીવાલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.
- એમ. એસ. યુનિર્વસીટી દ્વારા તા. ૧૪ ફેબ્રુઆરી ના રોજ મીલેનીયમ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત મહિલાઓના વિકાસના મુદદાને લઇ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ સેમિનારમાં શૈશવના શ્રી પારૂલબેને કિશોરીઓના નેતૃત્વના મુદદા પર પેપર પ્રેઝન્ટેશન કર્યું હતું.
- બાળ અધિકાર સમુહ – ગુજરાત ના ઉપક્રમે તા. ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન અમદાવાદ ખાતે ગુજરાતના જુદા–જુદા જિલ્લાના પ્રતિનિધિ બાળકો સાથે આવનારા લોકસભાની ચુંટણી સંદર્ભે બાળકો દ્વારા બાળકોનો ચૂંટણી ઢંઢેરો વિષય પર કાર્ય શિબિર યોજાઇ હતી આ શિબિરમાં લોકસભાના ઉમેદવારો – પક્ષોને કાર્યક્રમમાં આમંત્રણ આપીને બાળકોનો ચૂંટણી ઢંઢેરો શું છે તેની રજુઆત કરી અને મુદદાઓ આપ્યા હતાં હવે

પછી બાળકોના અધિકારોને લઇને શું થવું જોઇએ. તે માટે તેઓ કેટલા તૈયાર છે ? આ કાર્યક્રમમાં કુલ ૬૪ બાળકો અને ૩૬ કાર્યકરો સહભાગી થયા હતા. આ સમગ્ર કાર્ય શિબિરનું સંચાલન શૈશવ દ્ધારા કરવામાં આવ્યું હતું અને આ શિબિરને સફળ બનાવવા વિચરતા સમુદાય સમર્થન મંચ, બાંધકામ મજુર સંગઠન, ચાઈલ્ડ લાઈન, દિશા, ગણતર અને સ્વપથ સંસ્થાનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

- ભાવનગર શહેરમાં બાળકોના અધિકારો, શિક્ષણ અને વિકાસને લઇને જોડાયેલા અને હિતધારકોનો બાલદોસ્તમંચ શૈશવ દ્ધારા શરૂ કરવામાં આવ્યો છે. બાલદોસ્તના સભ્યો નિયમિત સમયાંતરે મળતા રહે છે અને સબંધિત મુદદાઓની ચર્ચા કરવામાં આવે છે અને તેમાંથી બાલદોસ્ત દ્ધારા શુ થઇ શકે તેની જવાબદારીઓ સ્વીકારી કાર્ય કરે છે. આ અનુસંધાને તા. ૨૭ ફેબ્રુઆરી ના રોજ બાલદોસ્તની મીટીંગ યોજવામાં આવી હતી.
- રાઈટ ટુ ફુડ ઝુંબેશ – ગુજરાતની વિવિધ સંસ્થાઓ દ્ધારા શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત તા ૧ થી ૩ માર્ચના રોજ રાષ્ટ્રીયસ્તરનું અધિવેશન – સાણંદ ખાતે યોજવામાં આવ્યું હતું આ અધિવેશનમાં શૈશવમાંથી શ્રી નારણભાઇ, મીનાબેન અને લોક સમર્થન મંચના ચાર સભ્યો સહભાગી થયા હતા.
- નેશનલ ફોરમ ફોર રાઇટ ટુ એજયુકેશન દ્ધારા મફત અને ફરજિયાત શિક્ષણ ના કાયદાના અમલીકરણ અને દરેક રાજયોની સ્થિતિની સમીક્ષા અને આગામી કાર્યક્રમ અંગે તા. ૩૧ માર્ચ ના રોજ દિલ્હીમાં રાષ્ટ્રીય મીટીંગ યોજવામાં આવી હતી, જેમાં બાળ અધિકાર સમુહ–ગુજરાતના પ્રતિનિધિ તરીકે શૈશવમાંથી શ્રી પારૂલબેન સહભાગી થયા હતા.

**વોલન્ટીયર્સ અને પ્લેસમેન્ટ :**

સંસ્થા કાર્યોને જાણયા, સમજવા તેમાં મદદરૂપ થવા દેશવિદેશથી વોલન્ટીયર્સ જોડાતા હોય છે. તે જ રીતે પોતાના અભ્યાસના ભાગરૂપે ફિલ્ડ કામગીરીના પ્રત્યક્ષ અનુભવ માટે ૧૨ એમ.એસ ડબલ્યુ / બી.આર.એસ. કોલેજના ૩૨ વિદ્યાર્થીઓ શૈશવમાં જોડાઈ અભ્યાસ કર્યો હતો.

ટુ વે ડેવલેપમેન્ટ યુ.કેના વોલન્ટીયર છેલ્લા ૩–૪ વર્ષથી શૈશવના કાર્યોમાં મદદરૂપ થવા ૬ મહિનાથી લઈને એક વર્ષ સુધી નિયમિત આવે છે. શ્રી કેન્ટન ૮ જુલાઈથી ત્રણ મહિના માટે સંસ્થાના કાર્યોમાં જોડાઈ, શૈશવની એમ.આઈ.એસ. સીસ્ટમ તથા ઈમ્પેકટ ઈન્ડીકેટર વિ. સીસ્ટમ પર પોતાના જ્ઞાન અને અનુભવોનો લાભ આપ્યો હતો. જયારે સુ શ્રી સીમોના ઝાયકેટ જાન્યુઆરી ૨૦૧૪થી ૬ મહિના દરમ્યાન પોતાની સેવાઓ આપી હતી.

અમેરિકા ઈન્ડીયા ફાઉન્ડેશનના ફેલો વોલન્ટીયર સુ શ્રી એન્જેલાબહેન ૧૩ સપ્ટેથી શૈશવ સંસ્થાને મદદરૂપ થવા માટે ૯ મહિના માટે જોડાયા હતાં

યુ.કે. સ્થિત એકાઉન્ટ ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ સંસ્થામાંથી શૈશવના નાણાકીય સંચાલન અને એકાઉન્ટને વધુ સુવ્યવસ્થિત અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબ થાય તે માટે શ્રી માર્ટીન તા. ૯ ઓકટોબર ૨૦૧૩ થી તા. ૨૪ નવેમ્બર ૨૦૧૩ દરમ્યાન સંસ્થામાં સેવાઓ આપવા આવ્યા હતાં. તેઓ યુ.કેમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે કાર્યરત છે.





**બાળ અધિકાર સપ્તાહની વિશેષ ઉજવણી :**

૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન મૂર્ઘન્ય કેળવણીકારો પૂ. શ્રી નાનાભાઈ, શ્રી ગિજૂભાઈ અને શ્રી હરભાઈની જન્મજયંતિઓ અને રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય બાળદિન આવે. દર વર્ષની જેમ આ વર્ષ પણ બાળ અધિકાર સપ્ તાહની ઉજવણી સંસ્થા દ્વારા કરવામાં આવી હતી.

આ બાળ અધિકાર સપ્તાહ નિમિત્તે યોજાયેલ જાગૃતિ યાત્રા એ ૧૪ નવેમ્બરે સંસદસભ્યશ્રી રાજેન્દ્રસિંહજી રાણાના વરદ હસ્તે પ્રસ્થાન ર્ક્યુ હતું. શહેરના જુદા જુદા ૩૬ વિસ્તારોમાં આ યાત્રા રોજબરોજ શહેરના અગ્રણી નાગરીકો અને બાળકોના હિતચિંતક એવા શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી છાયાબહેન પારેખ, શ્રી પરેશભાઈ ત્રિવેદી, શ્રી સતીષભાઈ પાઠક, શ્રી અરવિંદભાઈ ત્રિવેદી, શ્રી ઝીણાભાઈ દાણીધરિયા, શ્રી વિરેન્દ્રભાઈ ભટ્ટ, શ્રી જયેશભાઈ દવે, શ્રી નીતિનભાઈ દવે, શ્રી નયનાબહેન, શ્રી રાજીવભાઈ પંડયા, શ્રી રાજેશભાઈ ત્રિવેદી, શ્રી ઉષાબહેન ત્રિવેદી, શ્રી બી. જે. પરમાર શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટ વગેરેએ નેતૃત્વ પૂરૂ પાડી ઉમદા સહયોગ આપ્યો હતો.

જુદા જુદા વિસ્તરોમાં બાળ અધિકાર, શિક્ષણનો અધિકાર, શાળા વ્યવસ્થાપન સમિતિ, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ અંગેનો સંદેશો સંસ્થાના કાર્યકરોએ શેરી નાટકો દ્વારા આપ્યો હતો. આ શેરી નાટકને લગભગ ૨૦૦૦ ઉપરાં નાગરિકોએ નિહાળ્યા હતા જયારે વિસ્તારમાં ૩૨ બાળમેળા યોજવામાં આવ્યા હતા. જેમાં અંદાજે ૧૭૦૦ ઉપરાંત બાળકો–સહભાગિ થયા હતા આ દરમ્યાન જનજાગૃતિ માટે દુકાનો, ઘરો વિ. નો સીધો સંપર્ક કરી ૨૮, ૫૦૦ પત્રિકાઓ વિતરણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ભાવનગર બલ્ડ બેંકનાં રક્ત ક્રાંતિ રથ દ્વારા વિસ્તારોમાં રક્તદાન માટે અપ્રીલ કરવા સાથે બાળકો અને મોટાઓના ૩૦૦ જેટલા બ્લડ ગ્રુપીંગ કરવામાં આવ્યા હતા. જ્યારે ૧૧ બોટલ રકતદાન સ્વીકારવામાં આવ્યું હતું.

આ બાળ–અધિકાર સપ્તાહનું સમાપન ૨૦ નવેમ્બરના રોજ લોક વિજ્ઞાની અને કેળવણીકાર શ્રી અરૂણભાઈ દવે તથા જિલ્લા કલેકટર શ્રી પી. કે. સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ શહેરના અગ્રણી નાગરિકો, સંસ્થાના પ્રતિનિધીઓ અને બાળકોની હાજરીમાં ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું.

ભાવનગર શહેરના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાના પ્રતિનિધિઓએ સમગ્ર કાર્યક્રમ વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચે તે માટે ઉમદા સહયોગ આપ્યો હતો.





### આંકડાકીય માહિતી :

| વિગત | તાલીમની સંખ્યા | સહભાગી સંખ્યા |
|---|---|---|
| શૈશવના કાર્યકરોની ક્ષમતાવર્ધન તાલીમ | ૨૨ | ૪૫ |
| શૈશવ દ્વારા અન્ય ૧૩ સંસ્થાઓની તાલીમ | ૧૯ | ૧૦૯૫ |
| શૈશવના કાર્યકરો / બાળકોએ વર્કશોપ સેમિનારમાં કરેલ પ્રતિનિધિત્વ | ૧૯ | ૩૨ |
| શૈશવ કાર્યકરો તથા બાળકોએ નેટવર્કમાં કરેલ પ્રતિનિધિત્વ | ૧૭ | ૩૦ |
| શૈશવમાં કાર્યનુભવ માટે આવેલ વોલન્ટીયર તથા વિદ્યાર્થીઓ | ૧૬ | ૩૨ |

## તરૂણસેના

શૈશવની શરૂઆતથી બાળકો માટે નહીં પણ બાળકો સાથે કામ કરવામાં આવે છે. બાળકોની સહભાગિતા દરેક કાર્યપ્રવૃત્તિમાં વિકસતી રહે અને તેઓ જાતે નિર્ણય લેતા થાય, વિચારતા થાય, પરિપક્વતા, જવાબદારી અને નેતૃત્વ તરફ અગ્રેસર થાય આ મૂલ્યનું સતત સંવર્ધન કરવામાં આવી રહ્યું છે. આમ બાળકોનું સંગઠન બાલસેના અસ્તિત્વમાં આવ્યું. બાલસેનામાંથી ૧૮ વર્ષે નિવૃત્ત થવું પડે એટલે બાળકોએ 'તરૂણસેના' શરૂ કરી.

બાલસેનામાંથી તરૂણસેનામાં જોડાયેલા તરૂણો પાસે પણ ચાર–પાંચ વર્ષના કાર્યનો અનુભવ હોય એટલે તેઓ સંસ્થાના કાર્યકરો સાથે ખભેખભા મિલાવી પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે. આમ, સ્વસ્થ પરંપરા વિકસી રહી છે.

તરૂણસેનાના સભ્યો સંસ્થાની રોજિંદી પ્રવૃત્તિઓ જેવી કે વિસ્તારોમાં બાલસેનાના બાળકો સાથેની પ્રવૃત્તિઓ, વિસ્તારમાં લોકોની જાગૃતિના કાર્યો–સર્વે કે કમ્પ્યુટર સેન્ટરનું સંચાલન તો નિયમિત રીતે સંભાળી રહ્યાં છે.

બાલસેના અને તરૂણસેમાં જોડાવાને કારણે અભ્યાસ ચાલુ રાખવાનું, આગળ ભણવાનું, સ્વવિકાસ અને સાથે સમાજને પ્રદાન કરતા રહેવાનું અભિયાન સતત વિકસતા રહ્યાં છે. તરૂણસેનામાં જોડાતા સભ્યોમાંથી કોઈ અભ્યાસ અધવચ્ચે છોડે તો સૌ સાથે મળી સમજાવે–મદદરૂપ થાય, આવી શિક્ષણ પ્રત્યેનો લગાવ અને આત્મવિશ્વાસ વધારવામાં તરૂણસેના સફળ રહી છે.

આ સમગ્ર વર્ષ દરમ્યાન તરૂણસેના દ્વારા થયેલ પ્રવૃત્તિઓ અને તેઓની અન્ય કાર્યોમાં સહભાગિતા અંગેની મુખ્ય વાતો અહિંયા આપી છે.

લોકો બાળકો પાસે બાળમજૂરી ન કરાવે તે માટે તરૂણસેના દ્વારા જુદા જુદા વિસ્તારોમાં અને મેળાઓ દરમ્યાન સાતત્યપૂર્ણ અભિયાન ચલાવવામાં આવે છે. આ કાર્ય અઘરું આટલા માટે છે કે લોકોના માનસ બદલવા માટેની આ મથામણ છે. આ કાર્ય દરમ્યાન હકારાત્મક પ્રતિસાદ મળે અને નકારાત્મક ટીપ્પણીઓ પણ થાય, અપમાન થાય, ક્યાંક કોઈક કાઢી મૂકે...પણ તરૂણસેનાના સભ્યો આ બધાને સ્વીકારી સતત મંડી રહે છે. પરિણામે ૪૦૦ ઉપરાંત લોકોએ બાળકોને કામે નહીં રાખવા સંકલ્પબદધ થયા છે!

તરૂણસેનાના સભ્યો સંસ્થાના કાર્યકરો સાથે ખભેખભા મિલાવી કાર્યમાં મદદરૂપ થઈ રહ્યાં છે. બાલસેનાના વિસ્તારના કાર્યો તેઓ જ કરતા થઈ ગયા છે. તો વળી તેઓના માટે યોજાતા નેતૃત્વ તાલીમ શિબિરો અને અન્ય કાર્યક્રમો તરૂણસેના સભ્યો માટે સ્વચાલક બળ, આત્મવિશ્વાસ, સંગઠનની ભાવના વધારવામાં, એકમેક પ્રત્યેનો વિશ્વાસ–સમજણ વધારવામાં ઉપયોગી થયા છે.

**તાલીમ કાર્યક્રમ :**

તરૂણસેનાના સભ્યો સંસ્થા દ્વારા આયોજિત લાઈફ સ્કીલની ત્રણ તબક્કાની તાલીમમાં જોડાયા હતા. આ તાલીમ બેંગ્લોર સ્થિત ડ્રીમ એ ડ્રીમ સંસ્થા દ્વારા આપવામાં આવી હતી.

બાલસેનાના બાળકોમાં બાળઅધિકાર અને જીવનકૌશલ્યો અંગેની સમજ કેવી છે તે અંગે પ્રી ટેસ્ટ અને પોસ્ટટેસ્ટ અભ્યાસ હાથ ધરવામાં આવનાર હોવાથી આ અંગેની વિશિષ્ટ તાલીમ સીટી યુનિ. ઓફ ન્યુયોર્કના ફેલો શ્રુતિબહેન દ્વારા ૬ ઓક્ટોબરના રોજ આપવામાં આવી હતી તેમાં તરૂણસેના સહભાગી થઈ હતી.

બાળમૈત્રી પૂર્ણ વિસ્તારો અંગેના સંશોધન અંગે ૫ થી ૭ મે દરમ્યાન યોજાયેલ તાલીમ તથા ત્યારબાદ સંશોધન કાર્યમાં તરૂણસેનાના સભ્યો વિશેષ જવાબદારી લઈ સહભાગી થયા હતા.

૧૯–૨૦ એપ્રિલના રોજ નોન વાયોલન્ટ કમ્યુનિકેશન અંગેની તાલીમ ડૉ. દિલીપભાઈ અને શ્રી બેથ દ્વારા તરૂણસેના માટે યોજવામાં આવી હતી.

શૈશવના કાર્યકરો માટે વર્ષ દરમ્યાન આયોજિત બાળ અધિકાર, શિક્ષણનો અધિકાર, શેરીનાટક, મૈત્રીની રમતો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, જેવા અનેકવિધ તાલીમ કાર્યક્રમોમા પણ તરૂણસેનાના સભ્યો નિયમિત સહભાગી થઈ રહ્યાં છે. આમ આ વર્ષે ૨૨ તાલીમોમાં જોડાયા હતા.

**વિશિષ્ટ કાર્યક્રમમાં સહભાગિતા અને નેતૃત્વ :**

- ફૂટપાથ પર રહેતા લોકોનું જીવન કેવું હોય છે ? કેવી મુશ્કેલીઓ સહન કરે છે ? શા માટે તેઓને ભટકતું જીવન ગુજારવું પડે છે તે અંગેની સંવેદનાઓને સમજવા–જાણવા માટે તા ૧–૧૦–૨૦૧૩ના રોજ 'અંડર ધ સ્ટાર' કાર્યક્રમ સમગ્ર દેશમાં યોજાયો ત્યારે ભાવનગરમાં શૈશવ દ્વારા આ કાર્યક્રમ આયોજિત ર્ક્યો હતો, જેમાં તરૂણસેનાના સભ્યો સક્રિય રીતે સહભાગી થઈ લોકોના પ્રશ્નો–પડકારોને સમજવા પ્રયત્ન ર્ક્યો હતો !
- રામ–કૃષ્ણ મીશન વિવેકાનંદ મેમોરીયલ ટ્રસ્ટ , વડોદરા દ્વારા આયોજિત તરૂણો માટેના રાષ્ટ્રીય કાર્યક્રમમાં તા.૧ થી ૩ ડિસેમ્બર દરમ્યાન તરૂણસેનાના ૧૦ પ્રતિનિધિઓ સહભાગી થઈ જુદા જુદા રાજયની સંસ્કૃતિ અને જીવન વિષે સમાજિક પડકારો અને તરૂણોનું નેતૃત્વજેવા અનેકવિધ મુદ્દાઓ અંગે જ્ઞાન અને જાણકારી મેળવી હતી.
- દિવાળીના દિવસો સૌને પોતાના કુટુંબમાં ઉજવવાના ગમે, પણ તરૂણસેનાના સભ્યોએ આનંદનગરમાં સ્થળાંતરીત થઈને આવેલા કુટુંબો અને તેઓના બાળકો સાથે દિવાળીનો ઉત્સવ ઉજવ્યો હતો ! તા. ૧–૧૧–૨૦૧૩ના રોજ ત્યાં વસતા કુટુંબો અને તેમના બાળકો સાથે રમતગમત અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરી સૌને આનંદ માણી મીઠાઈ વિતરણ કરી હતી.
- ૨૩ એપ્રિલના રોજ અમદાવાદમાં કાર્ય કરતા પ્રીતિબહેન અને વિરેનભાઈના આમંત્રણથી અમદાવાદના બાળકો સાથે આયોજિત વેકેશન શિબિરમાં તરૂણસેનાના સભ્યોએ ઉપસ્થિત રહી પ્રવૃત્તિઓ કરાવી હતી.
- ૧૨ મે ના રોજ ભોળાવદર ગામની પ્રાથમિક શાળામાં વેકેશન શિબિરના ભાગરૂપે તરૂણસેનાના સભ્યોએ ૧૧૫ બાળકો સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી.
- તરૂણસેનાના સભ્યો વિસ્તારોમાં બાળકો તથા વિસ્તારના પ્રશ્નો અંગે લોક સમર્થન મંચના સભ્યો સાથે મીટીંગ યોજવામાં, વિવિધ સ્તરે રજૂઆત કરવામાં તથા બાળકો શાળામાં નિયમિત હાજરી આપે, ડ્રોપઆઉટ બાળકોને શાળામાં પુનઃભણવા જાય તે માટે પ્રોત્સાહીત કરવામાં પણ સક્રિય યોગદાન આપતા રહ્યાં છે.
- અમદાવાદની સેવા સંસ્થા સાથે સંસ્થા તથા હૈદરાબાદની એમ.વી ફાઉન્ડેશન સંસ્થાની અભ્યાસ મુલાકાત પણ તરૂણસેનાના સભ્યોએ લીધી હતી.
- બાળ અધિકાર સમૂહ દ્વારા અમદાવાદમાં ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન 'બાળકોનો ચૂંટણી ઢંઢેરો' કાર્યક્રમ યોજાયો ત્યારે તરૂણસેનાના બે સભ્યોએ ટેસીલીટેશન માટે સેવાઓ આપી હતી.
- સર્વોદય પરિવાર (વલસાડ) દ્વારા ખડકી આશ્રમ શાળામાં યોજાયેલ બાળ શિબિરમાં તરૂણસેના ના બે સભ્યોએ સેવાઓ આપી હતી.
- ૨૩ માર્ચના રોજ શહિદ ભગતસિંહની જન્મતિથિએ તરૂણસેનાના સભ્યોએ એકત્ર થઈ ક્રાંતિ ગીતો ગાઈને ક્રાંતિવીર શહિદ ભગતસિંહને સલામી આપી હતી. આ કાર્યક્રમ શહેરના ચોકમાં આવેલ સ્ટેચ્યુ પાસે યોજયો હતો.

**વાર્ષિક કાર્યક્રમ અને શિબિર :**

તરૂણસેના વાર્ષિક કાર્યક્રમ નિમિત્તે કાર્યક્રમ અગાઉ તા. ૧૦,૧૧,૧૨ જાન્યુઆરીના રોજ ૩ દિવસની શિબિર કોલેજના તરૂણો સાથે સ્વવિકાસ, અધિકાર એટલે શું ? જીવનની દિશા, સર્જનાત્મકતા જેવા મુદ્દાઓને સાંકળી યોજી હતી. જુદી–જુદી કોલેજના અને વિસ્તારના મળી ૮૨ તરૂણો સાથે શિબિરમાં શ્રી સુભાષભાઈ ભટ્ટ, શ્રી અરવિંદભાઈ ત્રિવેદી તથા સંસ્થામાંથી શ્રી પારૂલબહેન અને ફાલ્ગુનભાઈએ જુદા જુદા મુદ્દાઓ પર વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રેરણાત્મક વાતો કરી હતી. ૧૨ જાન્યુઆરી– સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીના રોજ તરૂણસેના વાર્ષિક કાર્યક્રમ જાણીતા તાલીમકાર શ્રી અરવિંદભાઈ ત્રિવેદીના સાંનિધ્યમાં ઉજવ્યો હતો. શરૂઆતમાં તરૂણસેના ગીત અને ધ્વજવંદન પછી તરૂણસેનાનાં જવાબદારી સંભાળતા વિપુલ અને દક્ષાએ કામગીરીનો ટુંકો અહેવાલ આપ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી અરવિંદભાઈએ વિડિયો પ્રોજેકટરની મદદથી મોટીવેશનલ નાની ફીલ્મોના માધ્યમથી તરૂણસેનાને પ્રેરણાત્મક વાતો કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

**એરીયા રીસોર્સ સેન્ટર :**

વિસ્તારના લોકોને સરકારી સેવાઓ અને યોજનાઓની માહિતી મળે તેમજ માર્ગદર્શન મળે તે માટે કુંભારવાડામાં એરીયા રીસોર્સ સેન્ટર કાર્યરત છે. આ ઉપરાંત વિસ્તારના બાળકોને ઘરઆંગણે કમ્પ્યુટર શિક્ષણ અને પુસ્તકાલયનો લાભ મળે તે માટે કમ્પ્યુટર સેન્ટર કાર્યરત છે.

આ વર્ષથી આ કાર્યક્રમમાં નૂતન ફેરફાર કરવામાં આવ્યો, અગાઉ શૈશવ સંસ્થાના કાર્યક્રમો દ્વારા સંચાલન થતું હતું તેના બદલે હવે તરૂણસેના દ્વારા તેનું સંચાલન થઈ રહ્યું છે. આ માટે તરૂણસેનાના સક્રિય સભ્યો વિપુલ અને દિનેશ, અજય અને ભાર્ગવ સેવાઓ આપી રહ્યાં છે.






સમગ્ર વર્ષ દરમ્યાન થયેલ કામગીરીની ઝલક અહિં આપી છે.

વિસ્તારના લોકો દ્વારા જન્મતારીખના દાખલા બેંકના ફોર્મ, શિષ્યવૃત્તિ ફોર્મ, રેશન કાર્ડ, કમ્પ્યુટર માહિતી, બાળકના આગળના અભ્યાસ બાબત તથા અન્ય યોજનાઓ અંગે ફોર્મ કેવી રીતે ભરવા, સરકારમાં કોની પાસે કયા વિભાગમાં જવું જેવી વિવિધ બાબતોના માર્ગદર્શન માટે લગભગ ૫૦૦ ઉપરાંત વ્યક્તિઓએ લાભ લીધો હતો.

ભાવસિંહજી પોલીટેકનીકના સહયોગથી સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૧૩ દરમ્યાન યુવાનો માટે ૩ મહિનાનો હાર્ડવેર તાલીમ કોર્સ ચલાવવામાં આવ્યો હતો આ માટે તરૂણસેનાના વિપુલભાઈએ તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી.

## કમ્પ્યુટર સેન્ટરની આંકડાકીય માહિતી

| અભ્યાસક્રમ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|
| એમ.એસ.યુ.પી. | ૭ | ૩ | ૧૦ |
| કમ્પ્યુટર ફન્ડામેન્ટલ | ૩૫ | ૧૦ | ૪૫ |
| ધો.૧ થી ૭ને કમ્પ્યુ.આધારિત અભ્યાસક્રમ | ૯ | ૨ | ૧૧ |
| અન્ય | ૩ | ૦ | ૩ |
| કમ્પ્યુ. હાર્ડવેર | ૧૦ | ૪ | ૧૪ |
| ગુજરાતી/અંગ્રેજી ટાઈપીંગ | ૪ | ૧ | ૫ |
| કુલ | ૬૮ | ૨૦ | ૮૮ |

## ચાઈલ્ડ હેલ્પ લાઈન – ૧૦૯૮

મુશ્કેલીમાં મુકાયેલા બાળકોની સહાયતા માટે ૧૩ નવેમ્બર ૨૦૧૧થી ચાઈલ્ડ હેલ્પલાઈન ફ્રી ફોન સેવાઓ ૧૦૯૮ શરૂ કરી હતી. આ બે–અઢી વર્ષના અનુભવોએ અમને આ સેવાઓની જરૂરિયાત અને અનિવાર્યતા અંગે વિશેષ સભાન કર્યા છે. જેને લઈને અમે કોલ આવે અને ટીમ બાળકની મદદમાં તો પહોંચી જ જાય એ ઉપરાંત બાળકોને સલામતી મળી રહે તેમજ મુશ્કેલીઓ ઉભી થાય તે પૂર્વે જ તેની કાર્યવાહિ થઈ જાય તેવા અભિગમથી પ્રીવેન્ટીવ કાર્ય પણ શરૂ કર્યુ છે.

આ તરફ શહેરમાંથી બાળકોના પ્રશ્નોના સંદર્ભે અનુભવોને આધારે કેટલાક વિસ્તારોને વિશેષ સંવેદનશીલ તરીકે મેપીંગ કરી તે વિસ્તારોમાં ઘરે ઘરે ફરી ચાઈલ્ડ હેલ્પ લાઈનનો પ્રચાર–પ્રસાર, ફળિયા મીટીંગો, બાળકોના જૂથો સાથે ચર્ચા કરી પ્રશ્નોને ઓળખવા–સમજવાનું કાર્ય સવિશેષપણે કરી રહ્યાં છીએ તો બીજી તરફ શાળાઓની મુલાકાત કરી ત્યાં પણ આ સેવાઓ અંગેની વાત બાળકો ને પહોંચાડવામાં આવી રહી છે.

સરકારના અનેકવિધ વિભાગો જેવા કે પોલીસ, સમાજ સુરક્ષા, બાળ સુરક્ષા એકમ, શિક્ષણ તેમજ ચીલ્ડ્રન હોમ કે બાળ સંરક્ષણની વ્યવસ્થાઓ પૂરી પાડતી સંસ્થાઓ સાથે સંકલન દ્વારા મુશ્કેલીમાં મૂકાયેલા બાળકોને સેવાઓ પૂરી પાડવાના પ્રયત્ન કરવામાં આવે છે.

### ચાઈલ્ડ સેફ્ટીનેટ

આજે બાળકો અનેક પ્રશ્નો–મૂંઝવણોથી સમસ્યાગ્રસ્ત છે. બાળકોની વાતને સાંભળનાર કોઈ નથી. પરિણામે બાળકો તણાવમાં જીવે છે. બાળકની સંભાળ અને કાળજી લઈ શકાય. બાળકને હૂંફ અને સાંત્વન મળે, તેના નાના મોટા પ્રશ્નોમાં

અનેકવિધ સરકારી અને સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગ–સંકલન વડે મદદરૂપ થવાની ભૂમિકા ચાઈલ્ડ હેલ્પલાઈન ભજવે છે.

ભાવનગર ચાઈલ્ડ લાઈન દ્વારા સેફટી નેટની નવીન નૂતન પહેલ કરવામાં આવી છે. સમગ્ર દેશમાં પ્રથમવાર આ પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. બાળક મુશ્કેલીમાં મુકાય તે પહેલા જ તેની મદદે કોઈ પહોંચી જાય અથવા બાળકને પોતાની સૌથી નજીક આ સેવા ક્યાં મળી શકે છે તેની જાણકારી હોય તો મુશ્કેલી આવે તે પહેલાં જ તેનો બચાવ થઈ શકે છે.

બાળકોના હિતોની કાળજી લેવામાં રસ ધરાવતા સ્વયંસેવકોનું વિશાળ સંગઠન શરૂ કરવામાં આવી રહ્યું છે.

શહેરના તમામ મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો, શાળાઓ તેમજ નાના રસ્તાઓ–ગલીઓ વિગેરેની નજીકમાં રહેતા નાગરિકો, દુકાનદારો, શાકભાજી વેચનારા, રીક્ષા ડ્રાઈવર્સ, શિક્ષકો તથા અનેક વિધ વ્યવસાયમાં કાર્યરત એવા લોકોનું સ્વયંસેવક જૂથ બનાવવું કે જેઓ રસ્તા પર જતા–આવતા બાળકો પર પોતાના રોજ બરોજના કાર્યા દરમ્યાન નજર રાખી શકે છે. આ સ્વયંસેવકોની તકેદારીપૂર્ણ દ્રષ્ટિ બાળક કંઈ અઘટિત કરે એ પહેલાં, મૂંઝાયેલો –તણાગ્રસ્ત બાળકને ઓળખી લે અને તેની મદદે પહોંચી ચાઈલ્ડ લાઈનને જાણ કરે અને બાળકને ત્વરિત સહાય માળે , બાળકનું કાઉન્સેલીંગ થાય, બાળક રહેતું હોય તેની આસપાસના પ્રભાવી લોકોના સહયોગ વડે તેનું યોગ્ય રીતે કુટુંબમાં પુનઃસ્થાપન સારી રીતે થઈ શકે. આ વિચાર આ રીતે બાળકોને બાળમૈત્રીપૂર્ણ એવું સલામત વાતાવરણ ઉભું થાય તે તરફ નૂતન કદમ બની રહેશે,આ વાત–વિચારને વધુને વધુ લોકો સુધી પહોંચે અને સ્વયંસેવકો તરીકે જોડાવા નાગરિકો આગળ આવે તેવો સતત પ્રયાસ થઈ રહ્યો છે. આ અંગેના અનુભવો ખૂબજ પ્રોત્સાહક રહ્યાં છે. લગભગ ૪૦૦ ઉપરાંત લોકો સ્વંયસેવક તરીકે જોડાયા છે.

**ચાઈલ્ડલાઈન સલાહકાર સમિતિ :**

તારીખ ૨૨ જુલાઈ અને ૨૫ નવેમ્બર ૨૦૧૩ના તથા ૨૫ ફેબ્રુઆરી૨૦૧૪ રોજ ચાઈલ્ડલાઈન સલાહકાર સમિતીની મીટીંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાઈલ્ડ લાઈન સલાહકાર સમિતીની રચના સરકારી વિભાગો તેમજ સામાજિક સંસ્થાઓનો સહિયારો સહયોગથી બાળકોનો પ્રશ્નોના ઉકેલ લાવી શકાય અને દરેક લોકો એક મંચ પર આવી એકબીજાને સહકાર આપે તેના માટે કરવામાં આવેલ છે. આ મીટીંગ ભાવનગર કલેકટર શ્રી પી. કે. સોલંકી સાહેબના અધ્યક્ષ પદે યોજાઈ હતી. આ મીટીંગમાં જિલ્લા સ્તરના જુદા –જુદા વિભાગના સરકારી આધિકારીશ્રીઓ તેમજ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થીત રહ્યાં હતા. આ મીટીંગોમાં ચાઈલ્ડલાઈનના અહેવાલો રજૂ ર્ક્યા હતા, તેમજ ઉપસ્થીત પ્રતિનિધીઓ દ્વારા બાળકોને પડતી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તેમને જરૂરી સહાય મળી રહે તે અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી.

**ઓપન હાઉસ અને નાઈટઆઉટ રીચ :**

ચાઈલ્ડલાઈન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ વિષયોને ધ્યાનમાં રાખી બાળકો સાથે ઓપનહાઉસ કરવામાં આવે છે. મહિનામાં એક વાર કોઈપણ વિસ્તારના બાળકો ભેગા કરી બાળકોને ચાઈલ્ડલાઈનની માહિતી ઉપરાંત નક્કી કરેલા વિષયને લગતી વાતો કરવામાં આવે છે. આ પછી બાળકો તેમને પડતી મુશ્કેલીઓ અને તેમના પ્રશ્નો ચાઈલ્ડલાઈનને જણાવે છે. વર્ષ દરમ્યાન યોજાયેલા ૧૨ ઓપનહાઉસમાં બાળકો દ્વારા જ તેમને પડતી મુશ્કેલીઓ અને પડકારો રજૂ કરવામાં આવ્યા હતા જેમાં વ્યસન, શિક્ષણની ગુણવત્તા, શાળાનું બાંધકામ, ભણતરમાં

યાદશક્તિનો અભાવ જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચાઈલ્ડલાઈન ના ટીમ મેમ્બર્સ દ્વારા સમયાંત્તરે નાઈટ આઉટરીચ પણ કરવામાં આવી રહી છે. જેમાં રાત્રીનાં ૧૦ થી ૨ વાગ્યાના સમયગાળા દરમ્યાન સભ્યો શહેરના વિવિધ વિસ્તારોમાં જઈ કોઈ બાળકોની પડતી સમસ્યાઓનું સમાધાન લાવવાનો પ્રયત્ન કરે છે.

**સહાય માટે આવેલા ફોન કોલ**

આ સમયગાળા દરમિયાન ચાઈલ્ડલાઈનમાં મેડિકલ સહાય, શોષણ સામે રક્ષણ, સ્પોન્સરશીપ, આશ્રય, ગુમ થયેલા બાળકોને શોધવા માટેની સહાય, બાળકોના માતા–પિતાને શોધવા માટે ૧૫૫ જેટલા સહાયના ફોનકોલ આવ્યા હતા જેનું સમયાંતરે વારંવાર ફોલોઅપ તથા જરૂરી મદદ પુરી પાડવાનું કાર્ય ચાઈલ્ડ લાઈને કર્યું છે. આ ઉપરાંત કાઉન્સેલર દ્વારા બાળકોનું સમયાંતરે કાઉન્સેલીંગ કરી તેમના પ્રશ્નો અને મુંઝવણોનું સલાહ અને માર્ગદર્શન દ્વારા નિરાકરણ લાવવામાં આવે છે.

**પ્રચાર–પ્રસારના કાર્યો અને નાઈટઆઉટ રીચ**

ચાઈલ્ડ હેલ્પલાઈનથી વધુને વધુ લોકો માહિતગાર થાય અને મુશ્કેલીમાં મુકાયેલા બાળકોની મદદ માટે આ સેવાનો ઉપયોગ કરતા થાય તે માટે ચાઈલ્ડલાઈન દ્વારા શહેરની લગભગ ૩૫ જેટલા શાળાઓ અને ૨૫ આંગણવાડીમાં બાળકો તથા શિક્ષકો સાથે ચાઈલ્ડલાઈનની વાત કરી હતી. આ ઉપરાંત વિવિધ સરકારી ઓફિસો તથા જાહેર સ્થળો પર પણ ચાઈલ્ડલાઈનના બેનરો લગાડી ચાઈલ્ડ હેલ્પ લાઈનની માહિતી વધુને વધુ લોકોને પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**અમારા અનુભવો :**

આ વર્ષ દરમ્યાન ચાઈલ્ડલાઈન ભાવનગરને કેટલાક અનુભવો થયા છે. જેનું ચાઈલ્ડલાઈન દ્વારા સફળ નિરાકરણ લાવવામાં આવ્યું છે કેટલાક અનુભવોને જાણીએ.

(૧) ૨૮ જાન્યઆરીના રોજ દીવાનપરા વિસ્તાર નજીક ચાઈલ્ડ સેફ્ટીનેટના સ્વયંસેવકે ફોન કરીને માહિતી આપી કે પાંચ વર્ષની એક બાળકી મળી આવી છે. આ બાળકી તેના માતાથી છુટી પડી ગઈ હતી. ચાઈલ્ડલાઈન ટીમ મેમ્બર સ્થળ પર પહોંચી ગયા. સ્થળ પર પહોંચતાની સાથે જ ટીમ સભ્ય દ્વારા બાળકીના માતા–પિતાની તપાસ કરવામાં આવી અને થોડા સમયબાદ તેની માતાને શોધવામાં ચાઈલ્ડ લાઈનને સફળતા મળી. આમ, ચાઈલ્ડ સેફ્ટીનેટના સભ્યની જાગૃતતાના કારણે એક બાળકી તેની માતાથી દુર જાય તે પહેલા જ ચાઈલ્ડલાઈનના સભ્યોએ તેને તેની માતાના હવાલે કરી સેફ્ટીનેટના વિચારને વધુ સાર્થક બનાવ્યો છે.

(૨) ૮ માર્ચના રોજ ભાવનગર ચાઈલ્ડલાઈન પર અમદાવાદ ચાઈલ્ડલાઈનમાંથી કોલ આવ્યો જેમણે જણાવ્યું કે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર બે બાળકો મળી આવ્યા છે જેઓ અનાથછે અને તેમની પાસેથી ભાવનગરની એક બેંકની પાસબુક મળી આવી છે. ચાઈલ્ડલાઈન ટીમ મેમ્બરે તે બેંકમાંથી તેમના આકાઉન્ટ નંબરના આધારે તેમના ઘરનું એડ્રેસ મેળવ્યું. આ સમયગાળા દરમિયાન બાળકે પણ પોતાના કાકીના ઘરનું સરનામું આપતા ચાઈલ્ડલાઈન ટીમ મેમ્બરે આપેલા સરનામે પહોંચી જઈ બાળકોના સગા–સંબંધી સાથે વાત કરી. તેઓએ આપેલી માહિતીના આધારે અમદાવાદમાં બાળકના દાદા દાદીના ઘરનું સરનામું મેળવી તેમને તેમના હવાલે કરવામાં આવ્યા હતા.

(૩) જુલાઈના રોજ ચાઈલ્ડલાઈનમાં કોલ આવ્યો કે ૫ વર્ષના બાળક દિવ્યેશ (નામ બદલેલ છે) ને તેની સાવકી માતા દ્વારા ખુબ માર મારવામાં આવતો હતો જેના કારણે તેને માથામાં ઉંડો ઘાવ પડયો હતો. તેની આ માતા તેને જમવાનું પણ આપતી ન હતી. આ વાતની જાણ થતાં જ ચાઈલ્ડલાઈન ટીમ, ભાવનગર

જીલ્લા બાળસુરક્ષા એકમ (ડીસીપીયુ) અને પોલિસની સાથે એ બાળકની મદદે પહોંચી ગઈ. પોલિસ તથા ડીસીપીયુની મદદથી બાળકનો તે સ્થળેથી બચાવ કરી ભાવનગર ચિલ્ડ્રન હોમમાં દાખલ કરવામાં આવ્યો. થોડા સમય તેને ચિલ્ડ્રન હોમમાં રાખ્યા બાદ તેના પિતાને ફરી આ બાળકને કોઈ શારિરીક નુકશાન નહિં પહોંચાડવામાં આવે તે બાંહેધરી પર સોંપવામાં આવ્યો. ઘટનાની ગંભીરતા સમજી સમયસર ફોલોઅપ દ્વારા ચાઈલ્ડલાઈન દ્વારા બાળકને હિંસાનો ભોગ બનતા બચાવવામાં આવ્યો હતો.




(૪) ૨૪ ઓકટોબરના રોજ આઉટરીચ દરમ્યાન ચાઈલ્ડલાઇનને જાણવા મળ્યું કે ભાવના (નામ બદલાવેલ છે.) બિમારીના કારણે શ્રવણ શક્તિ ગુમાવી ચુકી હતી. અને આ કારણોસર તે બોલતી પણ ન હતી. ડોકટરને દેખાડતા જાણવા મળ્યું કે બાળકીને બંને કાનમાં હીયરીંગ મશીન તાત્કાલીક લગાવવું પડશે. મશીનની કિંમત ૯૦૦૦ હતી. બીપી.એલ કાર્ડ હોવાના કારણે તેને માત્ર એક જ મશીનના પૈસા ચુકવવાના રહેતા હતા. તે સમયે બાળકની શાળાના શિક્ષકોએ, ડોકટર તથા શૈશવ ચાઈલ્ડલાઈનના સહયોગથી બાળક માટે હીયરીંગ મશીન ખરીદવામાં આવ્યું. આમ ત્રણ વર્ષથી શ્રવણ શક્તિ ગુમાવી ચુકેલી બાળકીએ જયારે પહેલો આવાજ સાંભળ્યો ત્યારે તેના મુખ પર હાસ્ય લાવવાનું કામ ચાઈલ્ડલાઈન દ્વારા કરવામાં આવ્યું.



## વર્ષ ૨૦૧૩–૧૪માં મળેલ દાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | પ્રથમ ઈન્વેસ્ટમેન્ટ | વડોદરા | ૧૦૦,૦૦૦ |
| ૦૨ | પ્રશાંતભાઈ આર. પટેલ | ખેડા | ૫૧,૦૦૦ |
| ૦૩ | એફ. પી. તંબોલી ચેરીટેબલ ટ્રસ્ટ | ભાવનગર | ૪૦,૦૦૦ |
| ૦૪ | પટેલ હિરલબેન રવિન્દ્રકુમાર | ગાંધીનગર | ૨૫,૦૦૦ |
| ૦૫ | યંગ મેન્સ ગાંધીયન એસોસિયેશન | રાજકોટ | ૨૫,૦૦૦ |
| ૦૬ | શ્રી જલારામબાપા લોકાશ્રય લોકસેવા ટ્રસ્ટ | રાજપીપળા | ૨૫,૦૦૦ |
| ૦૭ | લીલાવતીબેન જે. કારીયા | મુંબઈ | ૨૦,૦૦૦ |
| ૦૮ | યશવંતભાઈ ત્રિવેદી | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| ૦૯ | ડો. હંસાબેન એડનવાલા | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૧૦ | અરવિંદભાઈ જે. પરીખ | નડીયાદ | ૧૧,૦૦૦ |
| ૧૧ | મીસ. નીરૂ ચૌધરી | ન્યુ દિલ્હી | ૧૦,૩૬૦ |
| ૧૨ | મીરા પ્રતાપ દેસાઈ | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ૧૩ | એક્સલ ક્રોપ કેર લિમીટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૪ | ગાયત્રીબેન એસ. દેસાઈ | ઝઘડીયા | ૧૦,૦૦૦ |
| ૧૫ | જશવંતભાઈ બાટવીયા | રાજકોટ | ૧૦,૦૦૦ |
| ૧૬ | રમેશભાઈ નાણાંવટી | વડોદરા | ૭,૨૦૦ |
| ૧૭ | રજનીબેન ગાંધી | મુંબઈ | ૬,૫૦૦ |
| ૧૮ | શ્રીમતી રાધિકાબેન એચ. પટેલ ટ્રસ્ટ | વડોદરા | ૬,૦૦૦ |
| ૧૯ | ગુણવંતભાઈ એન. જોષી | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૦ | રાજેશ્રીબેન | વડોદરા | ૫,૦૦૦ |
| ૨૧ | સ્વ. નટુભાઈ શાહ | ઝઘડીયા | ૫,૦૦૦ |
| ૨૨ | વિરેન્દ્રભાઈ બી. શાહ | વલસાડ | ૫,૦૦૦ |
| ૨૩ | પ્રણવભાઈ સવાઈ | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૪ | ડૉ. એમ. જી. દેસાઈ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૫ | મિહીરભાઈ એમ. દવે | મુંબઈ | ૫,૦૦૦ |
| ૨૬ | રંજનબેન બી. પટ્ટણી | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૭ | નરેન્દ્રકુમાર જે. શાહ | આણંદ | ૫,૦૦૦ |
| ૨૮ | જયેશભાઈ ટી. શાહ | આણંદ | ૫,૦૦૦ |
| ૨૯ | વર્ષાબેન કિશોરભાઈ મિસ્ત્રી | વડોદરા | ૫,૦૦૦ |
| ૩૦ | શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૧ | ભાઈચંદ મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૨ | મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૩ | એચ. એફ લાઈટ્સ | ભાવનગર | ૩,૦૦૦ |
| ૩૪ | વિહા યજ્ઞેશભાઈ પટેલ | ગોધરા | ૩,૦૦૦ |
| ૩૫ | પ્રતિભાબેન ડી પંડ્યા | અમદાવાદ | ૨,૫૦૦ |
| ૩૬ | હિમાંશીબેન શેલત | વલસાડ | ૨,૫૦૦ |
| ૩૭ | વૈજંતીબહેન મામતોરા | મુંબઈ | ૨,૨૫૦ |
| ૩૮ | વિજયાબેન ઉત્તમચંદ શાહ | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૯ | અરૂણાબેન લાખાણી | વડોદરા | ૨,૦૦૦ |
| ૪૦ | જયન્તીલાલ એમ. અંધારિયા | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૧ | દક્ષાબેન વી. પટ્ટણી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૨ | પાર્થ અને પુજા શેઠ | ઝઘડીયા | ૨,૦૦૦ |
| ૪૩ | રજનીબેન ગાંધી | મુંબઈ | ૧,૫૦૦ |
| ૪૪ | પલક નિતીરાજ | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૫ | ડૉ. અશોકભાઈ ગોહિલ | રાજપીપળા | ૧,૧૧૧ |
| ૪૬ | મહેશભાઈ પી. ગજજર | વડોદરા | ૧.૦૦૧ |
| ૪૭ | ભાવનગર વૉર્કસ કલબ | ભાવનગર | ૧,૦૦૦ |
| ૪૮ | દિલીપભાઈ બી. શુક્લ | ભાવનગર | ૫૦૧ |
| ૪૯ | રાજેશભાઈ ભાવસાર | ગાંધીનગર | ૫૦૧ |
| ૫૦ | સ્વ. પદમાબેન ડી. શુક્લ | ભાવનગર | ૫૦૧ |
| ૫૧ | રેખાબેન શાહ | ભાવનગર | ૫૦૦ |
| ૫૨ | નંદકુવરબા મહિલા કોલેજ | ભાવનગર | ૨૫૦ |
| ૫૩ | નેહલભાઈ ત્રિવેદી | ભાવનગર | ૨૦૦ |
| ૫૪ | યુગ્મ નેહલભાઈ ત્રિવેદી | ભાવનગર | ૧૫૦ |

## વિદેશમાંથી મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| **૦૧** | **ગોલ્બલ ગિવીંગ** | **યુ.કે..** | **૪,૨૧,૯૯૪** |
| **૦૨** | **શેર એન્ડ કેર ફાઉન્ડેશન** | **યુ. એસ. એ.** | **૪૪,૧૧૫** |
| **૦૩** | **ગોલ્બલ ગિવીંગ** | **યુ.એસ.એ.** | **૨૮,૮૬૪** |
| **૦૪** | **એલીસિયા મીલ્સ** | **યુ.કે.** | **૨૬,૭૨૦** |
| **૦૫** | **અરૂણાબેન અને ભારતીબેન ઠક્કર** | **યુ.એસ.એ.** | **૨૦,૦૦૦** |
| **૦૬** | **કિશોરભાઈ ધીવાળા** | **યુ.એસ.એ.** | **૧૫,૦૦૦** |
| **૦૭** | **સ્વ. જ્યોત્સનાબેન જે. પરીખ** | **યુ.એસ.એ.** | **૧૦,૦૦૦** |
| **૦૮** | **સોનલબેન ઠક્કર** | **યુ.એસ.એ.** | **૫,૦૦૦** |
| **૦૯** | **લીયામ સ્ટોક** | **યુ.કે.** | **૪૭૬૦૬** |

**DILIP R. SHAH & CO.**
A/2/21, Ajanta Comm. Centre, Chartered Accountants
Nr. Income tax, Ashram Road, Ahmedabad-380 014.

## AUDITOR'S REPORT

We have examined the Balance sheet as at 31st March, 2014 and income & Expenditure Account for the year ended as above of the above Trust. These financial statements are the responsibility of the Management of the Trust. Our responsibility is to express an opinion on these financial statements based on our audit.

We conducted our audit in accordance with the auditing standards generally accepted in India. Those standards required that we plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatement. An audit includes examining, on a test basis, evidence supporting the amounts and disclosures in the financial statements. An audit also includes made by management, as well as evaluating the overall financial statement presentation. We believe that our audit provides a reasonable basis for our opinion. The Financial Statement give a true and fare view in accordance with accounting practices in India, of the state of affairs at 31$^{st}$ March 2014.

We further report as detailed below.

(a)Accounts are maintained regularly and in accordance with the provisions of the Trust Act and the Rules.

(b)Receipts and disbursements are properly and correctly shown in the accounts.

(c)The cash balance and vouchers in custody of the manager or trustee on the date of the audit were in agreement with the accounts.

(d)All books, deeds, accounts, vouchers of other documents or records required to us were provided by the trust.

(e)An inventory certified by the Trustee of the movables of the Public Trust has been maintained.

(f)Shri AASHISH RAVAL, accountant appeared before us and furnished the necessary information required by us

(g)No property of funds of the trust were applied for any object or purpose other than the object or purpose of the Trust.

(h)The amounts outstanding for more than one year Rs. Nil.The amount written off during the year Rs. Nil.

(i)Tenders were not invited as there were no repairs exceeding RS.5000.The Consturction/repairing work done departmentally hence not applicable.

(j)No money of the public trust has been invested contrary to the provisions of section 35 of trust act.

(k)There is no alienation of immovable property contrary to provision of section 36 of trust act.

Remarks :- Nil

PLACE: Ahmedabad
Date :- 17-07-2014

FOR DILIP R. SHAH & CO.

[DILIP R. SHAH. PROP.]

**Our Sincere Thanks To:**
To Fulfill our responsibilities towards deprived childrsn by providing them reasonable opportunities to lead meaningful life your good wishes and active support constantly provide us with inspiration and encouragement. We have received support from many well-wishers. donors and institute for our activities till now. Some of our major supporters are; Share and Care Foundation, The Global Fund for Children, Paul Hamlyn Foundation, Axis Bank Foundation and Child Reach International.

## BALANCE SHEET

| FUNDS & LIABILITIES | AS ON 31.03.2014 | AS ON 31.03.2013 |
|---|---|---|
| Trust Funds or Corpus | 2,70,581.00 | 2,70,581.00 |
| **Other Earmarked Funds** | | |
| (a)Building Fund | 9219175.05 | 8754860.05 |
| (b)Non Recurring | 5247216.00 | 3735153.00 |
| (c)Un Utilized Fund | 8074975.18 | 747861.25 |
| (d)Computer Fund | 98680.00 | 75850.00 |
| Other Liabilities | 2206293.86 | 1383223.86 |
| Income & Expenditure Account | 9286541.42 | 7228190.36 |
| **TOTAL** | **34403462.51** | **22188869.52** |

| ASSETS | AS ON 31.03.2014 | AS ON 31.03.2013 |
|---|---|---|
| Immovable properties | 8044930.00 | 6162189.00 |
| Furniture & Fixture | 5548741.40 | 4036678.40 |
| Stock in Hand | | 4007.00 |
| Loan & Advances | 179344.00 | 312785.00 |
| Income Outstanding | 943329.00 | 567701.00 |
| Cash & Bank Balances | 19687118.11 | 11105509.12 |
| **TOTAL** | **34403462.51** | **22188869.52** |

| EXPENDITURE | AS ON 31.03.2014 | AS ON 31.03.2013 |
|---|---|---|
| Establishment Expenses | 81819.50 | 770722.20 |
| Legal & Audit Fees | ------ | 18500.00 |
| Contribution & Fees | ------ | 15026.00 |
| Amount Tr. to Res./Spe. Funds | 8839176.93 | 124907.39 |
| Exp. on Object of the Trust | 7415343.00 | 4060584.00 |
| Surplus Carried Over to B/S | 2072051.06 | 1093343.04 |
| **TOTAL** | **18412390.49** | **6083082.63** |

| INCOME | AS ON 31.03.2014 | AS ON 31.03.2013 |
|---|---|---|
| Rent | 109695.00 | ------ |
| Interest | 964881.76 | 794266.00 |
| Donation | 978942.80 | 1046475.24 |
| Grant | 16254519.93 | 4192341.39 |
| Training & workshop fees | 83716.40 | 50000.00 |
| Misc. Income | 20635.00 | ------ |
| Transfer From Reserved Fund | ------ | ------ |
| **TOTAL** | **18412390.49** | **6083082.63** |

**Place: Ahmedabad**
**Date: 17-07-2014**

**Falgun Sheth**
**Managing Trustee**
**Shaishav**

**For Dilip R. Shah & Co.**
**Chartered Accountants**
**(Dilip R. Shah, Proprietor)**

| વિગત | અમલ |
|---|---|
| **(A)** નોંધણી : | |
| • સંસ્થાનું નામ | • શૈશવ |
| • રજી. સરનામું | • આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ |
| • કાર્ય સ્થળનું સરનામું | • **બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧** |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | • Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ) રજીસ્ટ્રેશન | • HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | • DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | • AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | • 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર<br>• આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>• યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર |
| **(B)** સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા | |
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં રજૂઆત | • સ્પષ્ટ અને દઢ રજૂઆત |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | • સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • સભાન પ્રયત્નો |

| | |
|---|---|
| **(C)** વહીવટ અને સંચાલન<br>સંચાલક મંડળના સભ્યો/ ટ્રસ્ટીઓ | • ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે<br>• ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો<br>• ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.<br>બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી<br>• વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૨ મીટીંગ યોજાઈ હતી<br>• સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્ય માટે અનુક્રમે માસિક રૂા. ૩૫,૦૦૦/– અને રૂા. ૩૫,૦૦૦/– માનદવેતન ચૂકવવામાં આવે છે. |
| **(D)** દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો,<br>સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ | • દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ<br>• કાર્યની વહેંચણી–જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ<br>• બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા |
| **(E)** કાર્યકારી સલાહકાર જૂથ<br>સંસ્થામાં વિવિધ નીતિ–માર્ગદર્શન | • રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.<br>• સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.<br>• સંસ્થાના કાર્યકરો માટેની નીતિ–નિયમોની માર્ગદર્શિકા છે.<br>• બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.<br>• એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ<br>• મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિ |

**(F)** માનવ સંસાધન

- વેતન ધોરણો
- હાલના કાર્યકરો

- અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં
  પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૪ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૫૦૦ થી ઓછો | – | ૬ | ૩ | ૩ | ૬ |
| ૨૫૦૦ થી ૫૦૦૦ | ૧૬ | ૪ | ૮ | ૧૨ | ૨૦ |
| ૫૦૦૦ થી ૧૦,૦૦૦ | ૫ | – | ૫ | – | ૫ |
| ૧૦,૦૦૦ કે તેથી વધુ | ૧૨ | – | ૮ | ૪ | ૧૨ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૧૬ | ૧૦ | ૨૬ |
| ૩ થી ૫ વર્ષ | ૧ | ૫ | ૬ |
| ૫ થી ૧૦ વર્ષ | ૩ | ૧ | ૪ |
| ૧૦ થી વધુ વર્ષ | ૪ | ૩ | ૭ |
| કુલ | ૨૪ | ૧૯ | ૪૩ |

- નિમણૂંક પત્રો
  - તમામને આપવામાં આવે છે.
- પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો
  - નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- પર્સનલ એકસીડન્ટ પોલીસી
  - તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ
  - સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ દ્વારા કાર્યકરો વચ્ચે સંઘભાવના, પરિવારભાવના અને વિકાસના પ્રયત્નો
- મીટીંગો
  - દર અઠવાડીયે કો–ઓર્ડીનેશન મીટીંગ
  - દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
  - લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ

| | |
|---|---|
| • ક્ષમતાવર્ધન–વ્યવસાયિક વિકાસ | • ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન<br>• ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો<br>• રસ –રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે. |

### (G) જવાબદેહીતા અને પારદર્શિતા

| | |
|---|---|
| • પ્રકાશનો | |
| • વાર્ષિક અહેવાલ | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વાર્ષિક હિસાબો | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • 'નિસ્બત' મુખપત્ર | • દર ત્રણ મહિને સંસ્થાનું મુખપત્ર પ્રકાશિત કરવાનો પ્રયત્ન થાય છે. |
| • વેબસાઈટ | • સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અધતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ** | |
| • બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે. |
| • હિસાબી પધ્ધતિ | • સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • નાણાંકીય લેવડ–દેવડ | • દરેક નાણાંકીય લેવડ–દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| • ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ | • દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |

| | |
|---|---|
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં ૫– વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા સંસ્થાની વિશ્વસનીયતા, પારદર્શિતા અને જવાબદેહીતા અંગેના ધારાધોરણનું મૂલ્યાંકન કરી સંસ્થાને પ્રમાણિત કરવામાં આવી છે.<br>• **એક્રેડીટેશન સર્ટી. નં. સીએ/૩૨/૨૦૦૮–૦૯ તા. ૨૩ માર્ચ ૨૦૧૪ સુધી માન્ય (હાલ રીન્યુઅલ પ્રક્રિયામાં છે)**<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ.––– કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ જે તે આયોજક સંસ્થાએ ભોગવ્યો છે. |